Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૦ • અંક : ૦૬ • તા. ૦૬ ફેબ્રુઆરી ૨૦૧૭ થી ૧૨ ફેબ્રુઆરી ૨૦૧૭ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

|| શ્રી અનંત નાથ દાદાય નમઃ ||

|| શ્રી મહાકાલી પ્રસાદાત્‌શ્રી મુખ હુજુર ||




શ્રી અચલગચ્છાધિપતી શ્રીપૂજ શ્રી
**જિનેન્દ્રસાગરસૂરિશ્વરજી**
મહારાજા સાહેબ

## પરમ પૂજ્ય યતિશ્રી
# મોતીસાગરજીશ્રીજી
## મહારાજ સાહેબને
# ૭૪માં વરસગાંઠ નિમિત્તે
## કોટી કોટી વંદના.



પુજ્ય યતિ શ્રી
**ક્ષમાનંદશ્રીજી**
મહારાજ



: જન્મ :
વસંત પંચમી
વિ.સ. ૨૦૦૦,
મહાસુદ ૫

: જન્મ સ્થળ :
કોટડા રોહા
કચ્છ

## શુભેચ્છક : માતુશ્રી મુરબાઈ વિશનજી લોડાયા પરિવાર (જખૌ - બાર્ડીયા- મુલુંડ)

## અ.સૌ. પ્રભા હેમેન્દ્ર લોડાયા • અ.સૌ. પુર્વી દિપક લોડાયા

|| શ્રી અનંતનાથાય નમઃ || || શ્રી આદિનાથાય નમઃ || || શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ ||

**દિવ્ય કૃપા પ્રદાતા**



રાષ્ટ્રસંત, શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.

**શુભાશિષ સૂરિપદ પ્રદાતા**



સ્વર્ણિમ વર્ષીતપ આરાધક તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ
પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરજીસૂરીશ્વરજી મ.સા.

**શુભાશિષ પ્રદાતા**



સાહિત્ય દિવાકર રાજસ્થાન દિપક,
પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.

ના વરદ હસ્તે....

## નવ નિર્વાચિત આચાર્યપદ (સૂરિપદ) બિરાજમાન થયેલ આપ ત્રણેય ગરૂભગવંતોની ભૂરી ભૂરી અનુમોદના



## મહાસુદ ૩ ને તા. 30-૧-૨૦૧૭ના શત્રુંજય મહાતીર્થે ''પંચપરમેષ્ઠી''ના ૩જા સૂરિપદે આરૂઢ પ્રદાન થયેલ ત્રણ ત્રણ ગણિવર્યોશ્રીજી

**૧૫ મા વર્ષીતપના તપોનિધી**



પ.પૂ.આ.ભ.
શ્રી કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.

**જ્યોતિષાચાર્ય**



પ.પૂ.આ.ભ.
શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા.

**૪૫ આગમાભ્યાસી વિદ્યાધર્ય**



પ.પૂ.આ.ભ.
શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

**સંઘ - ગચ્છ - જૈન સાશનની અનેક ઉન્નતિના કાર્યોથી આન-બાન-શાન વધારશો એજ અભ્યર્થના...**

અનુમોદનાર્થી શ્રી સુથરી સંઘના

## માતુશ્રી લક્ષ્મીબાઈ રાયચંદ કાનજી ધુલ્લા તથા
## માતુશ્રી સુશિલાબેન દામજી કાનજી ધુલ્લા સમસ્ત પરિવાર

ને હરખ ન માય

સૂરિપદને બિરાજમાન આપ ત્રણેય આ.ભ.ને અમારા સમસ્ત પરિવારની

**જજી જજી ખીરવધાયું અને કોટી કોટી વંદન...**

# LAPSIA FAMILY IS PROUD TO SHARE THEIR MOMENTS OF PRIDE AND JOY!

We are pleased to inform that **Mr. Jayyannt Lapsiaa,** President, All India Liquid Bulk Importers and Exporters Association was conferred with the most prestigious World Customs Organization's Certificate of Merit, on the occasion of International Customs Trade for having being conferred with the prestigious WCO Certificate of Merit.



**Mr. Jayyannt Lapsiaa,** President, All India Liquid Bulk Importers & Exporters Association (AILBIEA) receiving the WCO (World Custom Organization) Certificate of Merit on the occasion of International Customs Day held at New Delhi on Friday, 27 th January, 2017 from the Hon'ble Minister of State, Shri. Santosh Kumar Gangwar. On the left is Shri. Najib Shah, Chairman, CBEC and to the right of Mr. Lapsiaa, is Dr. Hasmukh Adhia, Revenue Secretary, Ministry of Finance and also Ms. Ananya Ray, Member (Customs), CBEC.



**Shri. Najib Shah,** Chairman Central Board of Excise & Customs [CBEC] congratulating Mr. Jayyannt Lapsiaa, President, AILBIEA on receiving WCO Certificate of Merit.

*With Best Wishes and hearty Congratulations from:*

**Late Smt. Premabai Laxmuchand Lapsia & Late Shri Laxmuchand Ladhabhai Lapsia Family**
**Shri Kirit L. Lapsia & Late Smt. Madhuri Kirit Lapsia**
**Shri Kishore C. Lapsia & Dr. Nirmala Kishore Lapsia [U.K.]**
**Smt. Nirmala V. Lapsia & Late Shri Vasant L. Lapsia**
**Shri Bhaskar L. Lapsia & Smt. Indira Bhaskar Lapsia [U.S.A.]**
**Smt. Tarla Lalit Lapsia & Late Shri Lalit L. Lapsia**
**&**
**Smt. Saraswatii Jayyannt Lapsiaa [WIFE]**
**Harsh J. Lapsia & Vrunda H. Lapsia [Son & Daughter in Law]**
**& Dhruv J. Lapsia [Son] – (USA)**
**&**
**ENTIRE LAPSIA FAMILY**
**&**
**U.M. KHONA AND COMPANY**
[Kutch: Rava: Dist. : Abdasa]

શ્રી ક.દ.ઓ.જૈન શિક્ષણ સોસાયટી

# શ્રી સી.ડી.ઓ. જૈન ઇંગલીશ મીડીયમ સ્કૂલ, ગદગનું ૧૧૨ મું વાર્ષિક સ્નેહ મિલન




























શ્રી સી.ડી.ઓ. જૈન ઇંગલીશ મીડીયમ સ્કૂલ, ગદગ નું ૧૧૨ મું વાર્ષિક સ્નેહ મિલન, આ સ્કૂલના ઈતિહાસ ના પાના ઉપર સુવર્ણ અક્ષરે લખવા જેવો કાર્યક્રમ હતો. આ વાર્ષિકોત્સવ ખુબજ ધામધૂમથી પ્રમુખ શ્રી વિપુલ નરેન્દ્ર લુઠીયા, સેક્રટરી શ્રી રવિન્દ્રકુમાર કુંવરજી લોડાયા અને તેમની કમિટિની નેજા હેઠળ ઉજવાયું હતુ. તા. ૦૬-૦૧-૨૦૧૭ ના સાંજના ૬-૦૦ વાગે કાર્યક્રમની શરૂઆત શ્રી નવકાર મહામંત્રથી થયેલ. મુખ્ય અતિથિ તરીકે આપણી સ્કૂલ ના ભૂતપૂર્વ વિદ્યાર્થી ડૉ. શ્રી **Sangamesh Asuti** M.B.B.S.,M.D., Gadag અને અતિથિ વિશેષ તરીકે શ્રી **Sudhir J. Soni** પ્રમુખ, શ્રી ક.દ.ઓ. જૈન મહાજન, ગદગ પધારેલ, સર્વ મહાનુભાવો ના શુભ હસ્તે દીપ પ્રગટાવવામાં આવેલ. શાળાના બાળકો (ધોરણ Pre-Lkg થી ધોરણ 10 સુધીના) દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરેલ. જેમા નાટિકા, સોલો, ગ્રુપ નૃત્ય અને માતા-પિતા સાથે બાળકો નું Ramp Walk પણ હતું.

પધારેલ અતિથિઓ ના હસ્તે વિવિધ ઇનામો વિતરણ કરવામાં આવેલ. દરેક ધોરણમાં સર્વોત્તમ વિદ્યાર્થી તથા વિદ્યાર્થીની ને શીલ્ડ આપવામાં આવેલ. પ્રત્યેક ધોરણમાંથી વધારે ગુણાંક મેળવનાર વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીને રોકડ ઈનામ આપવામાં આવેલ. પ્રત્યેક ધોરણમાંથી વધારે ગુણાંક મેળવનાર વિદ્યાર્થી ને ઇનામ આપવામાં આવેલ.

દશમા ધોરણનો વિદ્યાર્થી કુમાર **Shrinidhi S. Kulkarni** ને outstanding Performance તરીકે નું ઇનામ રૂ. ૧૧,૧૧૧/- તથા વિદ્યાર્થીની કુમારી **Reehana D. Rehamannavar** ને outstanding Performance તરીકે નું ઇનામ રૂ. ૧૧,૧૧૧/- અને ટ્રોફી સ્કૂલ વતી આપવામાં આવેલ.

સાતમા ધોરણનો વિદ્યાર્થી કુમાર **Yeshwant M. Warad** ને outstanding boy તરીકે તથા કુમારી **Veda V. Shah** ને outstanding girl તરીકે બેઉ વિદ્યાર્થી ને સ્કૂલ વતી શીલ્ડ આપવામાં આવેલ.

મુખ્ય અતિથિ ડૉ. શ્રી **Sangmesh Asuti** એ પોતાના વિચારો જણાવેલ કે શાળા ની સાથે પાલકો પણ પોતાની જવાબદારી સમજી ને બાળકો ને પ્રોત્સાહન આપવું જોઈએ આપણી શાળા ઉત્તમ કોટીનું શિક્ષણ આપી રહી છે જે બાળકો ના વિકાશ માટે અત્યંત જરૂરી છે આપણી શાળના ખૂબ વખાણ કરીને શાળા ની શોભા વધારેલ.

અતિથિ વિશેષ શ્રી **Sudhir J. Soni** એ કહ્યું કે આપણી શાળા માટે હમેશા શ્રી ક.દ.ઓ.જૈન મહાજન, ગદગ પીઠબળ તરીકે રહેશે. એમણે કહ્યું કે જેવી રીતે માતા-પિતા પોતાના બાળકો સાથે મિત્ર જેવું વર્તન રાખે છે તેવી રીતે બાળકો એ પણ જવાબદારી બતાવવી જોઈએ.

શાળા ના પ્રમુખ શ્રી **Vipul N. Luthia** એ પોતાનુ મંતવ્ય રજૂ કરતાં કહ્યું કે આપણી જ્ઞાતીની શૈક્ષણિક સંસ્થાઓમાં ગદગની ૧૧૨ વર્ષ જુની આ સ્કુલ મોખરાનું સ્થાન ધરાવે છે. ધોરણ ૧ થી ૧૦ સુધી **CBSE** Syllabus માટે Government ને પરવાનગી માટે વિનંતી કરવામાં આવેલ છે.

શાળાનાં **Administrator** શ્રીમતી **Romila P. Kolhar** એ સૌને આવકારેલ અને શાળાનાં **Headmistress** શ્રીમતી **Madhuri B. Hiremath** એ સૌનો આભાર કરેલ.

આપણી શાળાના બાળકોના માતા-પિતા તથા મહેમાનો માટે સ્વાદિષ્ટ ભોજન નું આયોજન કરવામાં આવ્યું હતું. આશરે ૬૦૦૦ જણ ની ભોજનની વ્યવસ્થા **Vimal Caterers** (શ્રીમતી **Vimalaben Sanjay Mota** તથા શ્રી **Sanjay T. Mota**) તથા તેમનાં સાથીઓએ સુંદર રીતે સંભાળેલ.

શ્રી પાર્શ્વ કચ્છી યુવા મંડળ તથા શ્રી ગુજરાતી મિત્ર મંડળે **Volunteers** ની જવાબદારી ખૂબજ સારી રીતે સંભાળેલ અને કાર્યક્રમ ને વ્યવસ્થિત રિતે પાર પાડેલ એમનો પણ સ્મૃતિ-ચિન્હ આપી શાળા વતિ આભાર માનવામાં આવેલ.

સ્કૂલ ના સર્વે શિક્ષકોનું શાળા વતિ આભાર માનવા માં આવેલ. જેના સહકાર વિના આ શક્ય ન હતું.

મંચની ગોઠવણ ખૂબ જ સુંદર **Lighting effects and Visual backgound** સાથે નવીન પ્રકારે આયોજન થયેલ.

મનોરંજન ના ધમાકેદાર કાર્યક્રમ સાથે સંપૂર્ણ કાર્યક્રમ સંપન્ન થયો. કાર્યક્રમ નું સંચાલન શિક્ષકો ના સહકાર થી વિદ્યાર્થીઓ એ કરેલ. કુમારી **Neha V. Kakade** અને કુમાર **Shrinidhi S. Kulkarni** એ આવકાર તથા આભાર દર્શન પ્રગટ કરેલ.

આપણી શાળાનો વાર્ષિકોત્સવ ગદગ માં ખૂબ સફળ, લોકપ્રીય અને યાદગાર કાર્યક્રમ રહ્યો.

Jyoti Graphics, GDG. 9448422072

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**

ડૉ. વેલજી પાસ્વીર ગોસર

**''સમીક્ષા''**

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

**''પ્રકાશ સમીક્ષા''**

સનત્ શાહ

**: તંત્રી :**

રાયચંદ આર. નાગડા

સહ તંત્રી :

ચંદ્રસેન મોમાયા

મો. 09324618606

**સમિતિ સભ્યો**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા

રાયચંદ રતનશી નાગડા

શરદ કાંતિલાલ શાહ (નાગડા)

કેશરસિંહ આણંદજી ખોના

તિલકચંદ કુંવરજી લોડાયા

કિરીટ ખેતશી મુનવર

કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા

હિરાચંદ દામજી દંડ

પંકજ પ્રતાપ શાહ

ચંદ્રસેન હીરાચંદ મોમાયા

શૈલેશ સનત્ શાહ

જયંત વિશનજી છેડા

**અંક નં. 06/2017**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# સુખમય જીવનની કેડી




આ વિશ્વમાં ભાગ્યેજ એવો કોઈ મનુષ્ય હશે કે જેને ઉમંગ ઉત્સાહપૂર્વકનું જીવન પસંદ ન હોય. સર્વની એવી ઈચ્છા હોવા છતાં બધાં ઉમંગભર્યું જીવન જીવી શકતા નથી. કારણ કે મનુષ્યોના કર્મો અને સ્વભાવ સંસ્કાર એના માટે કારણભૂત છે. જો આપણે વિચારવાના, દિનચર્યાના, જીવન જીવવાના માળખામાં પરિવર્તન કરીએ તો સદૈવ ઉમંગ ઉત્સાહમાં રહી શકીએ છીએ. એ માટે અમુક વાતોનો ત્યાગ જરૂરી છે.

**અભાવના દુઃખનો ત્યાગ :** માનવનો એ સ્વભાવ છે કે તે પોતાની પાસે જે છે તેનો આનંદ લઈ શકતો નથી. પણ જે બાબતનો અભાવ હશે એ વાતનું એ દુઃખ અનુભવશે. વાસ્તવમાં આપણે વિચારીએ તો આ વિશ્વના ઘણાં લોકો કરતાં આપણે સુખી છીએ.

મનુષ્યની સર્વ ઈચ્છાઓ કદી પૂર્ણ થતી નથી. પ્રત્યેક મનુષ્યને જીવનમાં કોઈ બાબતનો અભાવ તો રહે છે જ. સ્વાસ્થ્ય, કીર્તિ, સત્તા, સંપત્તિ, ગુણવાન બાળકો, સદાચારી જીવન આ સર્વ જીવનમાં એકી સાથે મળતું નથી. આમાંથી કોઈને કોઈ બાબતનો અભાવ તો રહે જ છે. એટલે જીવનમાં ઉલ્લાસથી જીવવું છે, તો દુઃખો સાથે, અભાવ સાથે સમાધાન કરી લેવું જોઈએ. અભાવનું ચિંતન કે ચિંતા કર્યા વગર ભિન્ન ભિન્ન પ્રકારની પ્રાપ્તિઓનું જ ચિંતન કરીએ.

**વ્યર્થ સંકલ્પનો ત્યાગ :** મનુષ્યના વિચારો, સંકલ્પો જ એના સુખ અને દુઃખ માટે જવાબદાર છે. રચનાત્મક, સર્જનાત્મક, હકારાત્મક વિચારોથી ખુશી મળે છે. તાણમુક્ત રહી શકાય છે. વ્યર્થ વિચારો તાણ જન્માવે છે. જીવન બોજપૂર્ણ બનાવે છે. પાણીને વલોવવાથી કંઈજ પ્રાપ્ત થતું નથી તે રીતે વ્યર્થ વિચારો પણ નુકશાનકર્તા છે. તેથી તેનાથી મુક્ત બનીએ.

**સમયને વેડફીએ નહીં :** સમય એ અમૂલ્ય ખજાનો છે. સામાન્ય માનવથી માંડીને વડાપ્રધાન સુધી સૌને સમાન રીતે ૨૪ કલાક મળેલા છે. એમાં કોઈ ભેદભાવ નથી. મહાન આત્માઓએ સમયનો સદુપયોગ કર્યો છે. સમય કદી થોભતો નથી. વીતેલા સમય એના એજ સ્વરૂપે કદી મળતો નથી. જો આપણે સમયનું મૂલ્ય સમજીને એનો સદુપયોગ કરશું તો આપણને ખુશી મળશે.

**। જ્ઞાનામૃત । । ઓમ શાંતિ ।**

॥ ડોંબિવલીના રાજ રાજેશ્વર શ્રી સુવિધિનાથ - શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ - શ્રી મુનિસુવ્રત - શ્રી સીમંધર સ્વામીને નમો નમઃ ॥



# શ્રી અચલગચ્છ જૈન સંઘ – ડોંબિવલી

## ડોંબિવલી (વે) ના પ્રથમ શિખરબધ્ધ જિનાલયની
## પરમ પ્રતિષ્ઠાના સાક્ષી બનવા

## સકલ શ્રી સંઘને આનંદભર્યુ આગોતરૂ આમંત્રણમ્

## મંદિર પધારો સ્વામી સલુણાં...




સં. ૨૦૫૩ માં ડોંબીવલી વેસ્ટના કોપર રોડ મધ્યે ગૃહ જિનાલયમાં શ્રી મુનિસુવ્રત સ્વામી દાદા પ્રતિષ્ઠિત થયા...
અને હવે ગૃહજિનાલયમાંથી દાદા ભવ્ય શિખરબધ્ધ ચૌમુખજી જિનાલયમાં બિરાજમાન થશે
અન્ય ત્રણ દિશાઓમાં સંપ્રતિ કાલીન ૨૩૦૦ વર્ષ પ્રાચીન
**શ્રી સુમતિનાથ, શ્રી શાંતિનાથ, શ્રી નેમીનાથદાદા બિરાજમાન થશે.**



દિવ્યકૃપા : શાસનસમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી **ગુણસાગરસૂરીશ્વરજી** મ.સા.
પાવન નિશ્રા : તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી **ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.,
સાહિત્યદિવાકર પ.પૂ.આ.ભ. શ્રી **કલાપ્રભસાગરસૂરીશ્વરજી** મ.સા.,
નૂતન આચાર્ય ભગવંતો આદિ શ્રમણ–શ્રમણીવૃંદ



**: અષ્ટાહિન્કા મહોત્સવની સંભવિત રૂપરેખા :**

**વૈશાખ વદ ૧૩, મંગળવાર, તા.૨૩-૫-૨૦૧૭**
પંચકલ્યાણક પૂજા

**વૈશાખ વદ ૧૪, બુધવાર, તા. ૨૪-૫-૨૦૧૭**
માણેક સ્તંભારોપણ / તોરણ/કુંભસ્થાપના

**વૈશાખ વદ ૩૦, ગુરૂવાર, તા. ૨૫-૫-૨૦૧૭**
પંચકલ્યાણક પૂજા

**જેઠ સુદ ૧, શુક્રવાર, તા. ૨૬-૫-૨૦૧૭**
પંચકલ્યાણક પૂજા, શ્રી સુવિધિનાથ જિનાલયે અઢાર અભિષેક

**જેઠ સુદ ૨, શનિવાર, તા. ૨૭-૫-૨૦૧૭**
શ્રી સુવિધિનાથ જિનાલયે ધ્વજારોહણ, બપોરે વેસ્ટ માં પાટલા પૂજન, લઘુનંદાવર્ત પૂજન

**જેઠ સુદ ૩, રવિવાર, તા. ૨૮-૫-૨૦૧૭**
અઢાર અભિષેક, ભગવતી મંડલ પૂજન

**જેઠ સુદ ૪, સોમવાર, તા. ૨૯-૫-૨૦૧૭**
શુભ મુહૂર્તે વિશ્વમંગલકારી પરમ પ્રતિષ્ઠા, બપોરે લઘુશાંતિ સ્નાત્ર

**જેઠ સુદ ૫, મંગળવાર, તા. ૩૦-૫-૨૦૧૭**
દ્વારોદ્‌ઘાટન, સત્તરભેદી પૂજા

ધરતી અંબર ચાંદ સિતારે
ગુંજ ઉઠી શહનાઈ...
ડોંબિવલી નગર કે પાવન પ્રાંગણ મેં
પ્રતિષ્ઠા કી શુભ ઘડિયા આઈ

આપનું આગમન જો મેઘ છે
તો અમે ચાતક હોળે
આપની પ્રતિક્ષા કરશું...
આપનું આગમન જો સુર્ય છે
તો અમે કમળ બનીને
આપની વાટ જોશું.

**પ્રતિષ્ઠાનો પાવનકારી દિન :**
**જેઠ સુદ ૪,**
**તા. ૨૯-૫-૨૦૧૭**

આપનું આગમન
જો આમ્રમંજરી છે તો
અમે કોયલ બનીને ઈંતેજાર કરશું
અમારૂં આમંત્રણ...
આપનું આગમન...
સહુનો આનંદ...

**શ્રી સંઘની જગ્યા પર સંપૂર્ણ જિનાલયના નિર્માણના લાભાર્થી પરિવાર**
**સંઘમાતા માતુશ્રી ખેતબાઈ કેશવજી વેલજી ગડા પરિવાર (નાના રતડીયા)**

પ્રતિષ્ઠાના પાવનકારી પ્રસંગે સકલશ્રી સંઘો, ડોંબિવલીના પૂર્વ નિવાસીઓ,
પ્રતિષ્ઠાની તારીખ આપની ડાયરીમાં નોંધી રાખશો. આ દિવસોમાં અન્ય કોઈ કાર્યક્રમ ન ગોઠવવા વિનંતી.

**મહોત્સવ તથા પ્રતિષ્ઠાના મહત્વના ચડાવાઓના આદેશ રવિવાર, તા. ૨૬-૩-૨૦૧૭ ના આપવામાં આવશે.**
**સુત્રસંચાલન : નવકારમંત્ર આરાધક શ્રી નરેન્દ્રભાઈ નંદુ**

# સકલસંઘને પધારવા ભાવભર્યુ આમંત્રણ

|| શ્રી શાંતિનાથાય નમઃ || || શ્રી આદિનાથાય નમઃ || || શ્રી શિતલનાથાય નમઃ ||

# શ્રી કચ્છી દશા ઓશવાળ સેવક ભરૂડિયા અચલગચ્છ જૈન સંઘ

## બારમી વર્ષગાંઠ ધ્વજારોહણ શુભ પ્રસંગે હાર્દિક આમંત્રણ

**શ્રી સંઘના સર્વે ગામવાસી, નિયાણી બહેનો તથા જ્ઞાતિજનો,**

સહર્ષ જણાવવાનું કે શ્રી આદિનાથ દાદાની અસીમ કૃપા તેમજ પૂજ્ય ગુરુ ભગવંતો અને આદરણીય વડિલોના શુભાશિષથી આપણા જિનાલયની **બારમી** **વર્ષગાંઠ** ધ્વજારોહણ સંવત ૨૦૭૩ મહા વદ ૧૪ ને **શુક્રવાર, તા. ૨૪-૦૨-૨૦૧૭**ના શુભદિને ધ્વજાના કાયમી દાતા **માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર**ની પરદોહીત્રી **ચિ. અકિરા ખુશ્બુ ચીરાગ ધુલ્લા**ના હસ્તે ધ્વજા આરોહણની પાવન વિધિ શુભ મુહુર્ત થશે.

**કાર્યક્રમ : સવારે ૭.૦૦ કલાકે - અઢાર અભિષેક અને સત્તરભેદી પૂજા**
**સવારે ૧૦.૦૦ કલાકે - ધ્વજા આરોહણ**

શ્રી સંઘ તરફથી ગુરૂવાર, તા. ૨૩-૦૨-૨૦૧૭ના બહારગામથી પધારેલ મહેમાનો માટે બપોરના તથા સાંજના જમવાની વ્યવસ્થા રાખેલ છે. તથા શુક્રવાર તા. ૨૪-૦૨-૨૦૧૭ના સવારના નવકારશી ને બપોરની સાધર્મિક ભક્તિ સકળ સંઘ સ્થાનિક મહાજન તેમજ આમંત્રિત મહેમાનો માટે રાખેલ છે.

આ શુભ પ્રસંગે ધ્વજાના કાયમી દાતા માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર તથા તેમના ધર્માનુરાગી સુપુત્રો શ્રી મહેન્દ્રભાઈ, શ્રી અશોકભાઈ, શ્રી રાજેશભાઈ તેમજ ટ્રસ્ટીગણ તરફથી સર્વેને પધારવા ભાવભીનું આમંત્રણ છે.

**શ્રી સાધારણ ફંડમાં આપનો અમૂલ્ય ફાળો નોંધવવા નમ્ર વિનંતી.**

**લિ. શ્રી કચ્છી દશા ઓશવાળ સેવક ભરૂડિયા અચલગચ્છ જૈન સંઘ વતિ ટ્રસ્ટીગણ**

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.


જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

**સંસ્થા સમાચાર શક્ય એટલા ટૂંકા મોકલવા :**
**વિગતવાર નામો, ઉછામણી, સંઘપૂજન, પ્રભાવના જેવી વિગતો સમાચારમાં પ્રગટ થતી નથી.**


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
Lagna Deep

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229


**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા



સવંત ૨૦૭૩ | ।। શ્રી આદિનાથાય નમો નમઃ ।। | સન ૨૦૧૭

# શ્રી કચ્છી દશા ઓશવાલ સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ


કચ્છ સાંયરા, પોસ્ટ કોઠારા, તા. અબડાસા, કચ્છ - ૩૭૦ ૬૪૫

ફોનઃ ૦૨૮૩૧-૨૮૨૩૧૮




તા.: ૦૮-૦૧-૨૦૧૭



## સાંયરા નગરે આવ્યાં રૂડા અવસર સોહામણાં, આદિનાથ જિનાલયની ૧૩૯મી ધ્વજારોહણે કરશું ઓવરણાં...

ધર્માનુરાગી સ્નેહી સ્વજન,

અચલગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ની દિવ્ય કૃપા તથા સાહિત્ય દિવાકર પ.પૂ. આ. ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. ના શુભ આશિષ, સાંયરા ગામના પ.પૂ. સાધ્વી ભગવંતોના અમી આશિષ. સરળ સ્વભાવી, નવકાર મંત્રના આરાધક તપસ્વીરત્ન પ.પૂ. મુનીરાજ શ્રી કંચનસાગરજી મ.સા. ની પાવન નિશ્રામાં પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ દાદાના તીર્થસ્વરૂપ જિનાલયની ૧૩૯મી વર્ષગાંઠ પ્રસંગે ફાગણ સુદ-૧ રવિવાર, તા. ૨૬-૦૨-૨૦૧૭ થી ફાગણ સુદ-૩ મંગળવાર, તા. ૨૮-૦૨-૨૦૧૭ ના ત્રિહાનિકા મહોત્સવની ભવ્યાતિભવ્ય ઉજવણી થશે. આપણા માદરે વતન સાંયરા ગામે ગુલાબી ઠંડકભર્યા ખુશનુમાં હવામાનમાં સૌ ગામવાસી, નિયાણી બહેનો સહપરિવાર, મહાજન, આમંત્રિત મહેમાનો અને સકળ સંઘને પાંજી માતૃભૂમિ સાંયરા ગામે બહોળી સંખ્યામાં પધારવા સૌને સ્નેહભર્યું હાર્દિક આમંત્રણ છે. આપ સહુ સંગે ઉજવશુ અણમોલ પ્રસંગ. આપનું આગમન અમારે મનઃભાવન.......

### ❇ ત્રિહાનિકા મહોત્સવની રૂપરેખા ❇

| | |
|---|---|
| **રવિવાર, તા. ૨૬-૨-૨૦૧૭** | બપોરના ૩.૦૦ ક. શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પુજન |
| **સોમવાર, તા. ૨૭-૨-૨૦૧૭** | બપોરના ૧૨.૩૯ ક. ૧૮ અભિષેક અનુષ્ઠાન, રાત્રે ભક્તિ ભાવના, ગરબા રાસની રમઝટ |
| **મંગળવાર, તા. ૨૮-૨-૨૦૧૭** | સવારના ૭.૦૦ ક. ભવ્યાતિભવ્ય ધ્વજા મહોત્સવની ઐતિહાસીક રથ યાત્રા, ઢોલ-શરણાઈ, સાંયરા મહાજન, સકળ સંઘ આમંત્રિત મહેમાનની સંગાથે. |
| | સવારના ૯.૦૦ ક. સત્તરભેદી પુજા |
| | બપોરના ૧૨.૩૯ ક. વિજય મુહુર્ત ૧૩૯મી ધ્વજા રોહણ |

સાંયરા તીર્થે ૧૩૯મી ધ્વજારોહણના ત્રિહાનીકા મહોત્સવના ડાયમંડ દાતા રૂા. ૫,૦૦૦/-, ગોલ્ડન દાતા રૂા. ૩,૦૦૦/- ના દાતાશ્રી બનવાનો અનેરા અવસર આવ્યો છે. **માતુશ્રી ભચીબાઈ પદમશી ખીંયશી લોડાયાના સુપુત્ર શાંતીલાલ લોડાયાના જન્મદિવસ પ્રસંગે ધજા રોહણના દિવસે બપોરની સાધર્મિક ભક્તિના લાભાર્થી પરિવાર.** આ ત્રિહાનીકા મહોત્સવના લાખેણાં પ્રસંગને રૂડી રીતે ઉજવવા આપની લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી પુણ્યનું ભાતું બાંધવાની અમુલ્ય તકનો લાભ લઈ સુકૃત કાર્યમાં સદ્ઉપયોગ કરી યશનામી બનશોજી. સાંયરા વિકાશ મંડળનું ૨૦મું સ્નેહ મિલન રવિવાર, તા. ૧૯.૨.૨૦૧૭ ના બપોરે ૪.૦૦ કલાકે ફ્રેન્ડ્સ કો.ઑપ. સ્કુલ, બેંક્વેટ હોલ, લાલબહાદુર શાસ્ત્રી માર્ગ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૮૦. માં ત્રિહાનિકા મહોત્સવના ધ્વજા મહોત્સવના ચડાવાના આદેશ આપવામાં આવશે.

ધ્વજા મહોત્સવ બાદ બસ દ્વારા ગુજરાતના વિવિધ ઐતિહાસિક તીર્થ-શંખેશ્વર-માંડલ, ધાકડી, ઉપરિયાજી તીર્થ, ચોટીલા, ડોલીયા, નાગેશ્વર તીર્થ-પાટણવાવ-વંથલી-સોમનાથ પ્રભાસ પાટણ-ઉના-અઝહરા-દિવ-ગીગાધ્રા-રાજકોટ વિગેરે તીર્થધામ યાત્રા પ્રવાસમાં સામેલ થવા વહેલી તકે ડીપોઝીટના રૂા. ૩,૦૦૦/- નામ સાથે રતિલાલ ધ્રોળ (મો.: 98208 65806) ને લખાવવા વિનંતી.

**શ્રી ક.દ.ઓ. સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ • શ્રી સાંયરા જૈન મહાજન – ધાર્મિક સમિતી**

**: સંપર્ક સેતુ :**


શ્રી રતિલાલ ધ્રોળ - 098208 65806 • શ્રી દિનેશ પટેલ - 098206 78051 • શ્રી હીરાચંદ શાહ - 098191 70470

શ્રી બિપીન મોમાયા - 098201 88826 • શ્રી પદમશી લોડાયા - 099308 05005 • શ્રી કાંતીલાલ સોની - 093211 63811


UPASANA-9820167767



|| શ્રી ગોડીયા પાર્શ્વનાથાય નમઃ ||

# શ્રી રાપર ગઢ - નાની સિંધોડી જૈન સંઘ આયોજીત

## ધ્વજા આરોહણ - ત્રિહાહ્નિકા મહોત્સવ

**ભારતભરમાં વસતા રાપર ગઢવારી - નાની સિંધોડીનાં ગામવાસી તથા નિયાણી બહેનોને ત્રિહાહ્નિકા મહોત્સવમાં પધારવા ભાવભર્યું આમંત્રણ.**

**પ્રથમ દિવસ :** જેઠ સુદ ૮
**શુક્રવાર, તા. ૨/૬/૨૦૧૭**

**અઢાર અભિષેક**
પ્રભુ પક્ષાલ સાથે કરીએ આપણા પોપાનું પક્ષાલન

લાભાર્થી પરિવાર : **શ્રી રાપર ગઢના ગામવાસી ભાઈઓ તથા બહેનો**

**દ્વિતીય દિવસ :** જેઠ સુદ ૯
**શનિવાર, તા. ૩/૬/૨૦૧૭**

**સ્નાત્ર પુજા** - સવારના
**શ્રી સિધ્ધચક્ર મહાપુજન** - બપોરના ૧૨.૩૯ કલાકે
**મહેંદી રસમ** - સાંજે ૮.૦૦ વાગ્યાસુધી

લાભાર્થી પરિવાર : **માતુશ્રી વેલબાઈ લધુભાઈ લોડાયા પરિવાર**

**તૃતિય દિવસ :** જેઠ સુદ ૧૦
**રવિવાર, તા. ૪/૬/૨૦૧૭**

ધ્વજાનાં વધામણા પ્રભુશ્રી ગોડીયા પાર્શ્વનાથનાં ધામે
**સત્તરભેદી પુજા** - સવારના ૯.૦૦ વાગ્યાથી
**ધ્વજા રોહણ** - સવારે ૧૧.૧૫ કલાકે





**(ત્રિહાહ્નિકા મહોત્સવના સંપૂર્ણ સાધર્મિક ભક્તિના લાભાર્થી પરિવાર**

**માતુશ્રી વેલબાઈ લધુભાઈ લોડાયા પરિવાર**
હ. સુપુત્રો : **પુનશીભાઈ - દામજીભાઈ - ચંદ્રકાંતભાઈ**

**નોંધ :** મહોત્સવમાં આવનાર ભાવિકોએ ટીકીટની વ્યવસ્થા માટે રૂા. ૧૨૦૦/- ભરીને નીચે આપેલ સંપર્ક સેતુમાં જાણ કરશો.

**સંપર્ક :**

| | | | |
|---|---|---|---|
| મીનાબેન નાગડા | - 09821450906 | ચંદુલાલ મૈશેરી | - 09833151258 |
| નરેન્દ્ર મોતા | - 09820690904 | ઉદય નાગડા | - 09769404992 |





**નિમંત્રક :**
**શ્રી રાપર ગઢ - નાની સિંધોડી જૈન સંઘ**



## નાની સિંધોડી મહોત્સવ

**તા. ૨-૬-૨૦૧૭ના સવારનાં શ્રી હનુમાનજીના : હવન - ધ્વજા - આરતી**
**સાંજે દાંડીયા રાસ**
**તા. ૩-૬-૨૦૧૭ ના શ્રી રામદેવ પીર : હવન - ધ્વજા - આરતી**

## આરોગ્ય પ્રકાશ : થાયરોઈડ – ૨

– ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 09757303562 / 07069621931

થાયરોઈડની બિમારીમાં અમુક ખાદ્ય ન લેવા જોઇએ. ૧) સોયા અને સેતન પ્રોડક્ટસ્‌માં ફાઈટોઈસ્ટ્રોજન ભરપુર હોય છે અને વધુ સોયબીન લેવાથી હાઈપો–થાયરોઈડનું રિસ્ક વધી જાય છે માટે પ્રમાણસર જ લેવું. ૨) બ્રોકોલી, કોબી અને આ ગ્રુપના શાકભાજી હોર્મોન ઉત્પન્ન થવામાં અવરોધ ઊભો કરે છે. ખાસ કરીને ફ્લાવર, ટુર્નીય, મૂળા, બ્રુસોકસ અને ફણગાળેલે ધાન્ય ઓછા પ્રમાણમાં લેવા. પાંચ ઔંસથી વધુ ન લેવા. કોર્ન ઓઈલ ન વાપરવું. ૩) ગ્લુટેન ધરાવતા ધાન્ય (ઘઉં, જવ, રાઈ અને બીજા પ્રોસેરક ખાદ્યમાં રહેલ પ્રોટીન છે) આ પ્રોટીન નાના આંતરડાને ઉત્તેજીત કરે છે અને થાયરોઈડની દવાઓના શોષણમાં અડચણ કરે છે. ખાવું જ હોય તો હૉલ ગ્રેઈન માંથી બનાવેલ બ્રેડ, પાસ્તા અને ભાત, જેમાં રેષા પુષ્કળ હોય છે તે લેવા જેથી તે આંતરડાનું હલનચલન સુધારે. (થાયરોઈડ બિમારીમાં આંતરડાનું હલનચલન, ઓછી થાય છે) ઘઉ, રાઈ જેવા ખાદ્ય, ખોરાકમાં ઉમેરાય જ છે તેથી જ થાયરોઈડની દવા ખોરાક થી એક કલાક પહેલા કે પછી લેવી, ખોરાક સાથે લેવી નહિં. બની શકે તો ખાલી પેટે લેવી જેથી દવા બરાબર શોષાય. ૪) ચરબીવાળા પદાર્થો ઓછા લેવા કેમકે એ થાઈરોઈડ હોર્મોનની દવા શોષાવામાં બાધારૂપ થાય છે અને હોર્મોન ઉત્પન્ન કરવામાં પણ બાધારૂપ થાય છે. બટર, માર્ગરીન, મેઓચીઝ જેવા ચરબીના સ્રોત ન લ્યો. ૫) સાકરના પદાર્થ ટાળો. થાયરોઈડમાં મેટાબોલીઝમ સ્લો થાય છે તેથી સાવધ ન રહો તો વજન સહેલાઈથી વધી જાય. તેથી જ સાકરવાળા પદાર્થ ટાળો જેથી કેલેરી ઓછી લેવાય. બની શકે તો બિલ્કુલ બંદ કરો (સાકરમાં પોષક દ્રવ્ય પણ કાંઈ નથી), ડાયાબીટીઝ ન હોય તેમણે સાકરને બદલે થોડા પ્રમાણમાં ગોળ વાપરવું. ૬) મીઠું (નમક) બને તેટલું ઓછું લ્યો. પ્રોસેસ્ડ ફૂડ ટાળો તેમાં પુષ્કળ સોડિયમ હોય છે જે હાઈપો–થાયરોઈડ વાળાએ ટાળવું જોઈએ, કેમકે તેમને હાય–બી.પી.નું રિસ્ક હોય છે. ૭) રેષાવાળો ખોરાક પ્રમાણસર લેવો. આમ તો રેષા લેવા આહારમાં સારા છે પણ વધારે રેષા આ બિમારીની દવાના શોષણ પર અસર કરે છે. ૮) કેફીન : કોફી, કેફીન ના પીણા એ થાયરોઈડની દવાના શોષણમાં અસર કરે છે. તેથી જ દવા કોફી કે કેફીનના પીણા સાથે ન લેવાય તે ખાસ ધ્યાન રાખવું. ૯) ઘરૂ : ઘરૂ થાયરોઈડ હાર્મોનના લેવલ પર અને તેવા ઉત્પન્ન પર ખૂબ જ અસર કરે છે, થાયરોઈડ ગ્લેન્ડ પર ઝેર જેવી અસર અને હોર્મોનના શરીરમાં વપરાશ પર પણ અસર કરે છે.


**''અનંત સિધ્ધી'' ભાંડુપ**

**''શ્રી નરસી નાથા સભાગૃહ'' બેન્કવેટ હૉલ,**

**મોનોપોલી, બુકીંગ, કેટરીંગ તથા ડેકોરેશન માટે**

ફક્ત

ANOKHEE
CATERING & DECORATION

સંપર્ક : *અશોક શામજી ખોના*

મો. 093210 10180 • ઑફીસ : 022 - 2595 9761

*આપની વાડીમાં પ્રસંગ અનુરૂપ શ્રેષ્ઠ કેટરીંગ કરી આપીશું.*

નોંધ : આમાં કોઈ ભાગીદાર નથી.

**અમુક ખોરાકના ફાયદા :** ખજૂર, અજમો થાયરોઈડ ગ્રંથીને ઉત્તેજીત કરે છે માટે તેનો ખાવામાં ઉપયોગ કરવો. આખા અનાજ (હોલ ગ્રેઈન - પૉલીશ કર્યા વગરના) કુદરતી ખાદ્ય, શાકભાજી, ફળો, સી-ફુડ વગેરે ફાયદાકારક. મલ્ટી વિટામીન દવા રૂપે ન લેતા હો તો લ્યો. સેલેનીયમ નામનું ખનીજ એન્ટી ઓક્સિડન્ટ છે. T4 નામનું થાયરોઈડ હોર્મોન શરીરમાં બને છે તેને T3 માં બદલે છે. બ્રાજિલ નટ્સમાં સેલેનિયમ વધુ હોય છે. યોગ્ય પ્રમાણમાં રેષા લ્યો (વધુ નહિં) રેષા વજન ઘટાડે છે (હાઈપો થાયરોઈડમાં વજન વધે છે) જેથી રેષા ફાયદાકારક છે. આ બિમારીમાં કબજીયાતની તકલીફ થાય છે રેષા કબજીયાત મટાડે છે. રેષા ઈસબગુલ કે એ જાતની દવા લેવાથી પણ મળે પણ ખાદ્યમાંથી મળે તે સારું. વાલ, વટાણા, ચણા જેવા બિન્સ, ચોખા, હૉલ ગ્રેઈનસ્ થુબાવાળા ઘઉનો લોટ, ઑટ્સ અને તેના ખાદ્યમાં રેષા મળે છે. રિફાઈન્ડ અનાજ કરતાં હૉલ ગ્રેઈન્સ વાળી ચીજો લેવી. રિફાઈન્ડ અનાજમાં થુલી વગરનો લોટ, સાકરવાળા પદાર્થ વધુ હોય છે માટે તે નુકશાનકારક. દિવસમાં ૨-૩ વખત જ ખાવાને બદલે ૪-૬ વખત ખાવું. ઓછું પણ વધુ વખત ખાવું ફાયદાકારક તેથી ધીમા મેટાબીલીઝમ ને મદદ મળે છે. ૩૦૦ કેલેરીનું દરેક જમણ અને સાથે કસરત કરવી જેથી વજન ઘટે. ખૂબ પાણી પીવું. પાઉં, સ્ટાર્ચવાળા પદાર્થ ઓછા લેવા.

**ઉપયોગી કસરત :** આસન દવાને બદલે નથી. દેવા લેવી જરૂરી જ છે. સર્વાંગાસન, હલાસન, મત્સ્યાસન, વિપરીતકરણી, સૂર્યનમસ્કાર, નાડીશોધન (વારાફરતી એક એક નસકોરાથી શ્વાસ લેવો) કપાલભાંતિ (૧૨૦ સ્ટૉક દિવસમાં ત્રણવાર) ભસ્ક્ષિકા અને ઉજ્જયી પ્રાણાયમ વગેરે કરવાથી ફાયદો થાય છે ભૂજંગાસ અને મત્સ્યાસન પણ મદદ કરે છે.

સ્ટ્રેસ-Stress (તાણ) હાઈપો-થાયરોઈડ માટેનું એક મહત્ત્વનું કારણ છે. સવાસન, મેડીટેશન (ધ્યાન), ૐકારનાદ તાણ ઓછી કરશે. સવાસન બન્ને Hyper અને Hypo થાયરોઈડની બિમારીમાં ફાયદો કરે છે. મેડીટેશન અને ૐકારનાદ મગજને શાંતિ આપશે મગજ રીલેક્સ થશે. સ્ટ્રેશ-તાણ ઓછી થશે. જીવનમાં પોઝીટીવ એટીટ્યુડ (હકારાત્મક અભિગમ) અપનાવો તેનાથી ફાયદો થશે. નિરાશાવાદી ન રહો.

આ રીતે સંભાળ લઈ થાયરોઈડથી સંરક્ષણ મેળવો.


# પરમ
શક્તિ સંજીવની સોસાયટી

સખ્ય ■ સાથ ■ સ્નેહ

આયોજીત

## "મસાલા મેલા"

સંસ્થા દ્વારા દર વર્ષની જેમ આ વરસે પણ મસાલા મેલાનું આયોજન કરવામાં આવ્યું છે. મસાલા, શરબત, સુકવણી, મુખવાસ જેવી વસ્તુઓ ઘરેથી બનાવતી બહેનોને વિના મૂલ્ય વહેલો તે પહેલો ધોરણે યોગ્યતા મુજબ સ્ટોલ આપવામાં આવશે. ભાગ લેવા ઇચ્છુક બહેનોએ સમયસર નીચે જણાવેલ સભ્યો પાસે નામ નોંધાવવા વિનંતી.

**સ્થળ : પરમ કેશવ બાગ,**

**તારીખ : ૨૭/૨૮ માર્ચ ૨૦૧૭ • સમય : ૧૦ થી ૭**

સંપર્ક

**પારુલ મોતા - 093222 80529**

**પુષ્પા ખોના - 093222 62521**

**મીના શાહ - 098205 66306**


|| શ્રી ચિંતામણી પાર્શ્વનાથાય નમઃ ||

## શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ મહાજન ફંડસ ટ્રસ્ટ, વરાડીયા

આગામી ૨૬-૨૭-૨૮ મે ૨૦૧૭ના વરાડીયા દેરાસરમાં યોજાયેલ ત્રિહાન્હિકા મહોત્સવમાં જોડાવા અમારી અપીલને માન આપી લગભગ-૧૫૦ ભાવિકોએ ટિકિટ માટે નામ નોંધાવેલ હતા જેમની કન્ફર્મ ટિકિટો આવી ગયેલ છે. સહુનો ખૂબ ખૂબ આભાર. હજી કોઈએ ટિકિટ ન કઢાવી હોય તો પોતાની રીતે કઢાવી આ મહોત્સવમાં જરૂરથી જોડાઈ શકે છે પણ અમોને તે મુજબ જાણ કરવી જરૂરી છે.

**ત્રણ દિવસના કાર્યક્રમની ટૂંકમાં રૂપરેખા આ મુજબ છે :**

**પહેલો દિવસ : તા. ૨૬-૦૫-૨૦૧૭ - શ્રી સિધ્ધચક્ર પૂજન** ૧૨.૩૯ કલાકે તથા રાત્રે **શ્રી મહાકાળી માતાજી**ની ભાવના.

**બીજો દિવસ : તા. ૨૭-૦૫-૨૦૧૭** - સવારના ૭ કલાકેથી **શ્રી શાંતિનાથ દાદાનો નગર પ્રવેશ, શ્રી દાદા કલ્યાણસાગર સૂરીશ્વરજી મ.સા.**ની પુનઃ પ્રતિષ્ઠા, વિવિધ તક્તિઓનું અનાવરણ, રાત્રે ભક્તિ ભાવના, દાંડીયા રાસ.

**ત્રીજો દિવસ : તા. ૨૮-૦૫-૨૦૧૭** - સવારના ૯ કલાકેથી દાતાશ્રીઓની તથા વરસીતપના **તપસ્વીઓની અનુમોદના.**

આગામી ત્રિહાન્હિકા મહોત્સવ દરમ્યાન થનાર સિધ્ધચક્ર પૂજન સહિતના વિવિધ ચડાવા માટે તથા કચ્છ જવા માટે જેમણે નામ લખાવેલ છે તેમને ટિકિટોની વિગતો આપવામાં આવેશે જે માટે તા. ૧૯-૦૩-૨૦૧૭ના બપોરે ૩.૩૦ વાગ્યે શ્રી મેપાણી હૉલ-દેવપુંજ-મુલુંડમાં આપ સહુની હાજરી અનિવાર્ય છે. તો ચડાવાઓનો મહામૂલો લાભ લઈ પૂણ્યનું ભાથું બાંધશોજી અને તારીખ ખાસ યાદ રાખી જરૂરથી હાજરી આપશોજી.

લિ. **શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ મહાજન ફંડસ ટ્રસ્ટ, વરાડીયાના પદાધિકારીઓ**

## કચ્છ મુલકજી ગાલ

### કચ્છમાં રણકાંધીએ એક તરફ ભાતીગળ લોકસંસ્કૃતિ પાંગરી છે તો બીજી તરફ રૌદ્રરૂપ લેતું રણ સૂર્યના તાપના ડંખ, પાણીની તરસ અને ધૂળના વંટોળથી, ક્યારેક મોતનો માહોલ પણ સર્જે છે...

કુદરતના બેરહમ કરિશ્મા સમું કચ્છનું રણ ઉનાળામાં ખોફનાક રૂપ ધારણ કરી લે છે. ચોમેર પથરાયેલી ઉજ્જવળ ભૂમિ પર ઘાસના ભોથાં અને ઝાંખરાં છૂટાછવાયાં નજરે પડે પણ એકવાર નમકનું સફેદ રણ શરૂ થાય તો સીધી સપાટ ધરતી અને ઉપર નિષ્કલંક આકાશ, માઇલોના માઇલ સુધી એકનું એક દૃશ્ય. ક્ષિતિજોયે જાણે વિસ્તરતી જાય અને સમય બપોર તરફ સરકવા માંડે ત્યાં જ પવનના અશ્વ દોડવા માંડે, ધૂળની ડમરીઓ ચક્કર-ભમ્મર ફરતી નીચેથી ઊઠીને ઉપર ઘૂમરાતી આકાશમાં વિખેરાય, પવન બેકાબૂ બનતો જાય અને અનેકાનેક ડમરી માતેલા સાંઢની જેમ ઝનૂનથી ભયંકર આંધી સર્જી દે. સફેદ રણ પર ધૂળની ચાદર પથરાઇ જાય અને એકાએક ધરતી-આકાશ બંને ધૂળના રંગે રંગાઇ જાય. માત્ર અને માત્ર જાણે ચિત્રકાર વાન ઘોઘના પીળા રંગનું સામ્રાજ્ય.

રણમાં ચોકી કરતા સીમા સુરક્ષા દળના જવાનો સાથે આ લખનારે ધરતી અને આકાશને એક જ રંગે રંગાઇ જતા નજરોનજર જોયા છે... અફાટ રણને ચીરતા ડામરના રસ્તા પર ફોરવ્હીલ જીપ પણ ધૂળની ડમરીઓના તોફાન સામે વામણી પુરવાર થઇ રહી હતી. ધૂળના મારાથી જીપ ચલાવવી મુશ્કેલ બની હતી, કારણ કે આગળનો રસ્તો પાંચ-સાત ફૂટ પછી જોઇ શકાતો નહોતો. જીપની ડાબી બારીના કાચના એક ખૂણે કોઇ સ્ક્રૂ નીકળી જતાં કાણું પડ્યું હતું તેમાંથી આંધીની ધૂળની સેર અંદર પ્રવેશીને શરીરને દઝાડતી હતી. અમે જીપ રોકી દીધી. નીચે ઊતર્યા અને વાહનની ઓથે તોફાન શાંત થાય એની રાહ જોવા લાગ્યા. અમારી પાસે પાણીનો પૂરતો પુરવઠો હતો. સૌએ લીંબુવાળું પાણી પીધું.

સીમા દળના અમારી સાથેના ત્રણેય જવાન આંધી અને ચક્રવાતના રણના અનુભવોની વાત કરતા રહ્યા. અડધો કલાકમાં તોફાન પસાર થઇ ગયું. ધૂળના વાદળમાંથી સૂરજે ડોકિયું કર્યું. વાતાવરણ ચોખ્ખું થયું ત્યાં ઉનાળાની બપોરનું અનોખું છતાં વિચિત્ર રૂપ ઝાંઝવાના જળ એટલે કે મૃગજળ રૂપે જોયું. ખરા બપોરે અને તેમાંયે ખાસ કરીને ઉનાળાના તપતા બપોરે અહીં મૃગજળની અનેરી સૃષ્ટિ રચાઇ જાય છે. દૂર દૂર વનરાજી કે પછી બાવળની ઝાડી-ઝૂંડ ક્ષિતિજને સમાંતર દેખાવા લાગે અને નીચે પાણીનો બ્લ્યુ રંગનો સળંગ લંબાતો પટ્ટો... જાણે એમ જ લાગે કે ક્ષિતિજે પાણીનું સરોવર છીછરા પાણીનો ઢંઢ છે... અમારી જીપ સડસડાટ દોડ્યે જતી હતી અને અમે અનોખું દૃશ્ય માણી રહ્યા હતા. ત્યાં જ એકાદ કિ.મી. દૂર અમારા રસ્તા પર કોઇ મહાકાય માનવીની આકૃતિ હાલતીચાલતી જોઇ. કમસેકમ વીસેક ફૂટ ઊંચી દેખાતી એ આકૃતિ ધીમે ધીમે કદમ માંડતી આગળ વધી રહી હતી. અમારી સાથેના જવાનોએ કહ્યું, ''સર, યહી મૃગજળ હૈ.''

પછી અમારી જીપ થોડી આગળ સરી તો એ આકૃતિ નાની થવા માંડી. આકાર સ્પષ્ટ થવા લાગ્યો. એ પણ એક જવાન હતો. રણમાં વીજળીના થાંભલાના રિપેરિંગ માટે એક ટીમ આ વિસ્તારમાં કામ કરી રહી હતી. તેનો એ સભ્ય હતો. રૂંવાડા ખડા કરી દેતો એ પ્રસંગ હતો. ૨૦ ફૂટ ઊંચો કોઇ આદમી, જાણે જાદુ થતો હોય તેમ ધીમે ધીમે સાડા પાંચ ફૂટનો માણસ બની ગયો.

પછી તો જવાનોએ મૃગજળના પોતે અનુભવેલા પ્રસંગોની માંડીને વાત કરવા લાગ્યા. મૃગજળનું વૈજ્ઞાનિક કારણ જગજાહેર છે. પ્રકાશનાં કિરણો આછી- પાતળી કે ઘટ્ટ થતી હવાની સાથે અદ્ભુત દૃશ્યો-ભ્રમ પેદા કરે છે. ખરેખર તો મૃગજળ એ દૃષ્ટિભ્રમ છે. પણ, પેલા ત્રણ પૈકી એક જવાને કહ્યું ''સર, હમ લોગ તો જીપમેં બૈઠે હૈં, લેકિન માન લિજીયે કી હમ પેદલ ચલ રહે હૈં, રાસ્તા ભૂલ ગયે હૈં ઔર પાની ખતમ હો ચૂકા હૈ... તો ક્યા હોતા ?''

આ સવાલનો જવાબ વિચારતાં જ રૂંવાડાં ખડાં થઇ ગયાં. આ રણ, સફેદ રણ, એની કાંધી પર પાંગરેલું અનોખું લોકજીવન, માલધારી સંસ્કૃતિ, અનોખી વન્ય પ્રાણીસૃષ્ટિ, સુરખાબની જન્મભૂમિ, ઘુડખરનાં અભયારણ્ય, હડપ્પન સંસ્કૃતિના અનેક અવશેષોની અજીબ દુનિયા એટલે આપણું રણ. એ તો જીવન છે. જીવનનો ધબકાર છે. પણ ઉનાળામાં રણમાં કોઇ રસ્તો ભૂલે તો એ જ રણ મોતના માધ્યમમાં પલટાઇ જાય છે.

દશેક વર્ષ પહેલાં રણમાં ચોકી કરતાં કરતાં ભૂલા પડેલા જવાનને હેલિકોપ્ટર મારફત શોધી કઢાયો ત્યારે તે લગભગ મૃત્યુના આરે હતો પણ ડોક્ટરોની જહેમતે એ બચી ગયો. સ્વસ્થ થયો તે પછી એની મુલાકાત લીધી તો તરસનું વર્ણન કરતાં એણે કહેલું કે ગળામાં જાણે કોઇ કાનસ ઘસતું હોય એવો


ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551

યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.



કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574 રવિવારે બંધ
Originally at Zaveri Bazar since 1976

## My good wishes to the management for continuing their excellent work and good luck to the students to perform well in this amazing hostel

Date: 10/01/2017

Respected Managing Trustees, The President & All Team Members of VLVG,

In appreciation of the Felicitation ceremony, I would like to pen down a few words.

I was highly gratified with the respect given to me by felicitating me on 7th Jan, 2017 at Shri Virji Ladhabhai Vidyarthi Gruha. I relived my childhood memories by visiting the hostel and I almost had tears in my eyes when I saw the new vidyarthi gruha. Thank you Nayanbhai for the amazing planning and built-up of the premises.

I greatly appreciate Mr. Hans Khimji & Parivar, Mr. Shivji Vikamsey & Parivar & Mr. Raichand Hansraj Dharamshi & Parivar for their major Contribution towards VLVG.

I was delighted to see the lavish organization by the Mr. Nayan Bheda with such a warm red carpet welcome. Adding many cherries to the cake were the special guests Mr. Prakash Mehta, Mr. Vallabh Bhansali, Mr Shailesh Lodha and Ms. Falguni Pathak. Though the timing of evening programme was 4pm - 11pm, I felt it should've gone on forever!

The new hostel is mind-blowing with the best possible amenities for students, thereby providing an excellent positive environment for students to grow and fulfill their goals. The management has left no stone unturned to renewing the hostel.

A very big thank you to Shivjibhai Vikamsey, who made this dream a reality for KDO community. Words will never be enough for expressing gratitude towards your contribution for everything that you have done for the entire community.

I would like to conclude by conveying my good wishes to the management for continuing their excellent work and good luck to the students to perform well in this amazing hostel, where every ex-student would dream of coming back and relive the old days!

Thanks & Regards
**Bipin Nagda**




ISO 9001:2008
INSURANCE SERVICES
CERTIFIED COMPANY
You're safe in our hands.
SINCE 1977

Bipin Nagda — An ISO 9001 : 2008 Cert. Co.
Wealth Mgmt.& Ins. Mktg. LLP. — L.I.C. & G.I.C. Agent
Off:- 682, Ajanta Comp., Bhiwandi, Dist:-Thane - 421 305
+91 (02522) 232190 / 254011 / 231411 / 225666 / 231692
+91 93 23 525 000
+91 98 22 191 498
bipinpnagda@gmail.com
www.bipinnagda.com
Member: * CM Club Member : L I C of India * CMD Club : The New India Ass. Co. Ltd. *
* Elite Circle Club : ICICI Lombard GIC Ltd. * CMO Club : Apollo Munich Health Ins. Co. Ltd.*

# ભાવભર્યું આમંત્રણ

વરાડીયા (કચ્છ) ગામે બીરાજમાન દંડ પરિવારના **કુળદેવી શ્રી સચ્ચાય માતાજીની ૧૧મી પહેડીનું આયોજન દાતાઓના સથવારે** તથા **ભૂવાશ્રી મણીલાલ ભાઈની** હાજરીમાં વૈશાખ સુદ ૧૨ **રવિવાર, તા. ૦૭-૦૫-૨૦૧૭**ના કરેલ છે. માતાજીને નમતા આપ સર્વે કુટુંબીજનો તથા નિયાણી બહેનોને સહકુટુંબ માતાજીના પહેડી પ્રસાદમાં પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**શુભ તારીખ : ૦૭-૦૫-૨૦૧૭**
**શુભ સમય : સવારના ૯.૦૦ થી ૧.૦૦**
**શુભ સ્થળ : શેઠ ધનજી દેવશી રાષ્ટ્રીય શાળા,**
A/C બૅંક્વેટ હૉલ, ઘાટકોપર (વેસ્ટ)

**નોંધ : (પહેડીમાં કાળા વસ્ત્ર પહેરવાં નહીં)**

**ભૂવાશ્રી મણીલાલ દંડ** (ભાંડુપ) – **09819516552**
**શ્રી શરદભાઈ દંડ** (સૂરત) – **09638321690**
**શ્રી કુમારભાઈ દંડ** (ભાંડુપ) – **09819461414**
**શ્રી જયેશ દંડ** (ઘાટકોપર) – **09324644945**

## જ્ઞાતિના આગેવાન બિઝનેશમેન જયંત લાપસીયાને વર્લ્ડ કસ્ટમ ઓર્ગનાઈજેશનનું મેરીટ સર્ટીફિકેટ

જ્ઞાતિની આગેવાન કસ્ટમ ક્લીયરન્સ કંપનીના વરિષ્ઠ સંચાલકોમાંથી એક અને ઑલ ઇંડિયા લીક્વીડ બલ્ક ઈમ્પોર્ટર એન્ડ એક્સપોર્ટર ઓર્ગનાઈઝેશનના પ્રેસીડન્ટ, ગામ રવાના પ્રતિષ્ઠિત લાપસીયા કુટુંબના જયંતભાઈને વર્લ્ડ કસ્ટમ ડે ના દિને વર્લ્ડ કસ્ટમ ઓર્ગનાઈજેશન દ્વારા સર્ટીફિકેટ ઓફ મેરીટ એનાયત કરવામાં આવ્યું. ખૂબ ખૂબ અભિનંદન.

આભાસ થાય... મૃગજળ સામે દેખાય અને એને પકડવાનું મન થાય. પણ હાથપગ હાલે જ નહીં. અરે હેલિકોપ્ટરથી મદદ આવી પહોંચી ત્યારેય મોમાં પાણી રેડાયું તો ગળામાં ઊતરે જ નહીં. પેટમાં વીટા વળતા હતા. પત્ની અને નાનો પુત્ર યાદ આવ્યાં. સામે જ મારું ઘર દેખાયું. મેં ફરી દોડવાની કોશિશ કરી અને ફસાઇ પડ્યો. પછી કાંઇ યાદ નથી. આંખો ખોલી ત્યારે હોસ્પિટલમાં હતો...

આ તો રણમાં ભૂલા પડેલા જવાનનો ખુદનો અનુભવ હતો. બાકી તો કચ્છના આ રણમાં જો કોઇ રસ્તો ભૂલે અને દિશાહીન બની જાય તો મોત સિવાય બીજો કોઇ વિકલ્પ જ હોતો નથી. ઇતિહાસ પર નજર કરીએ તો ગુજરાતની શાન સમા સોમનાથ મંદિર પર વારંવાર આક્રમણ કરીને લૂંટ કરનારા મહમદ ગઝની છેલ્લીવાર સોમનાથ લૂંટીને પાછો જઇ રહ્યો હતો ત્યારે એના મૂળ માર્ગ પર ભીમદેવ અને એના સૈનિકોનો જબ્બર સામનો થાય તેવી શક્યતા હતી. તો મારવાડમાં પણ એ જ હાલત હતી. તેથી તે પોતાના લશ્કર સાથે કચ્છના રણમાંથી સિંધમાં પ્રવેશીને આખરે મુલતાન તરફ ગયો હતો. કનૈયાલાલ માણેકલાલ મુન્શીની પ્રખ્યાત નવલકથામાં ‘જય સોમનાથ’માં આ બાબતનો સીધો ઉલ્લેખ છે. આ કથામાં જણાવ્યા અનુસાર ગઝનીનું લશ્કર રણમાં પ્રવેશ્યા પછી અસહ્ય તાપ અને પાણીની ભયંકર તંગીને લીધે ભારે પરેશાન થઇ ગયું હતું. સેંકડો સૈનિક ગાંડા થઇ ગયા અને હજારો સૈનિક પાણીની તરસે મૃત્યુ પામ્યા.

યોગાનુયોગ તો જુઓ કે ત્યાર પછી ગઝની ક્યારેય ફરી સોમનાથ તરફ આવ્યો નહીં. બીજા અર્થમાં કહીએ તો રણે ગઝનીને પરાસ્ત કર્યો. ગુજરાત પર કચ્છનું આ ઐતિહાસિક ઋણ અમૂલ્ય છે.

ખેર, આ તો ગુજરાતના ઇતિહાસની વાત છે. કચ્છને સંબંધ છે ત્યાં સુધી આઝાદી પછીના સમયમાં કચ્છનો પ્રખ્યાત બહારવટિયો ખાનજી પણ રણમાં ગરકાવ થઇ ગયો હોવાની વાયકા છે.

કચ્છના રણની સ્થિતિ એવી છે કે એની ઉત્તર કાંધીએ પાકિસ્તાની ગામડાઓ છે અને દક્ષિણ કાંધીએ કચ્છના. ઉત્તર અને દક્ષિણ કાંધી વચ્ચે ૨૦થી ૬૦ કે તેથી વધુ કિ.મી.નું અંતર છે. વચ્ચે રણ પથરાયેલું છે. તેથી વ્યૂહાત્મક રીતે જોતાં કોઇ ઘૂસણખોરી કરવા ઇચ્છે તો ઊંટ પર આસાન છે. પગપાળાયે આવી જઇ શકાય પણ એ અઘરું છે. માર્ગ ભૂલ્યા તો ખેલ ખતમ. ’૯૦ના દાયકામાં અનેક બાંગલાદેશીઓ ઢાકાથી અજમેર શરીફ અને ત્યાંથી કચ્છના હાજીપીર થઇ પાકિસ્તાન ગેરકાયદે જવાની કોશિશમાં ઝડપાતા રહ્યા હતા.

– **કીર્તિ ખત્રી,** મુંબઈ સમાચારમાંથી સાભાર


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : **દિનેશ દેઢિયા - 92234 25676**

|| શ્રી સચ્ચાઈ માતાય નમઃ || || શ્રી મોમાઈ માતાય નમઃ ||

**આદ્યશક્તિ ટ્રાવેલ્સ** ઘરના સભ્ય જેવા ડ્રાયવરો

**ગાંધીધામ - કચ્છમાં એ.સી. કાર, નૉન એ.સી. કાર**
**ઈંડીકા / ઈંડીગો / સ્વીફ્ટ /તવેરા / તુફાન**

સંપર્કઃ **શ્રી નરેન્દ્ર મણીલાલ શાહ (દંડ)**, બાયઠવાળા
**099798 55686**

# અંધકારમાં દીવો

**- અવંતિકા ગુણવંત**



કંગના એન્જિનિયર થઈ અને ત્રણેક મહિનામાં એના લગ્ન શ્રીરાજ સાથે થયા. લગ્ન પહેલાં એણે કેટલીક કંપનીઓમાં જોબ માટે અરજી કરી હતી ને એકાદ-બે ઠેકાણે ઈન્ટરવ્યૂ આપી આવી હતી. એમાંથી એક કંપનીનો એપોઈન્ટમેન્ટ લેટર આવ્યો. કંગનાના આનંદનો પાર ના રહ્યો.

સાંજે બધા બેઠા હતા ત્યારે એણે હરખાતા હૈયે પોતાને જોબ મળી છે એમ કહ્યું. એને હતું કે બધા એને અભિનંદન આપશે અને ખુશી વ્યક્ત કરશે પણ કોઈ આનંદથી ઉછળી ના પડ્યું, કોઈએ અભિનંદન આપીને મોં મીઠું કરાવ એવી માગણી ના કરી. એનાં સાસુ-સસરા એકદમ ગંભીર થઈ ગયાં. એના સસરા સુરેશભાઈ બોલ્યા : 'દીકરી, તારે નોકરી કરવાની શી જરૂર ? ભગવાને આપણને ઘણું આપ્યું છે અને શ્રીરાજ સર્જન ડૉક્ટર છે. અત્યારથી જ એ મબલખ કમાય છે, પછી તારે મહેનત કરવાની શી જરૂર. તું તારે એય જલસા કર ને!'

કંગના સસરાની વાત સાંભળીને સહેજ ઝંખવાઈ ગઈ. એ બોલી: 'પણ પપ્પાજી, હું મહેનત કરીને ભણી, એન્જિનિયરીંગમાં મને એડમિશન મળ્યું ત્યારે હું કેટલી ખુશ થઈ હતી, મારો ભાઈ એન્જિનિયર, મારા પપ્પા એન્જિનિયર અને હું એન્જિનિયર. હું પણ મારા ભાઈની જેમ કમાઈશ. પપ્પાજી, મારી એક મહત્વકાંક્ષા હતી. એટલે તો મેં મહેનત કરી. હવે મારી એ મહેનત એળે જશે ?'

'ઓ બેટી, મહેનત કરેલી ક્યારેય એળે નથી જતી. તું મહેનત કરીને ભણી, એન્જિનિયર થઈ, તારી મહત્વકાંક્ષા ફળી, તને ડિગ્રી મળી પછી શું ?' કંગનાના સાસુ લતાબેન બોલ્યાં.

'વળી તારી પાસે ડિગ્રી છે તેથી તું માથું ઊંચુ લઈને ફરી શકે. પાંચ જણ તને માનથી જુએ, અમેય કહી શકીએ છીએ કે અમારો દીકરો સર્જન ડૉક્ટર અને વહુ એન્જિનિયર. સમાજમાં અમારો વટ પડે છે.'

'તમે કહો છો એ વાત સાચી પણ હું કમાઉં અને મને જે સંતોષ થાય એની તો વાત જ જુદી હોય ને! મારા હાથમાં મારી કમાણી, મને મારું ભણેલું સાર્થક થતું લાગે.' અચકાતાં વિનયભર્યા અવાજે કંગના બોલી. એના ચહેરા પર આજીજી હતી, જોબ કરવાની પરવાનગી સાસુ-સસરા આપે તો જ એ જોબ કરી શકશે એવું એ જાણતી હતી.

સુરેશભાઈ કંગના જોબ કરે એ બિલકુલ ઈચ્છતા ન હતાં. એ મીઠાશથી બોલ્યા : 'દીકરી, ત્યાં તને કેટલો પગાર મળશે ? તું મહિને જે કમાઈશ એ તારો વર એક જ દિવસમાં માત્ર એક ઑપરેશન કરીને પાડે છે, એ બધી કમાણીની માલિક તું કહેવાય. પછી આનાથી વધારે તારે શું જોઈએ ?'

'પણ પપ્પાજી એ પૈસા મારા કમાયેલા તો નહિ ને! પતિની કમાણીનો મને ગર્વ થાય, આનંદ થાય પણ હું પોતે કમાઉં, મારી યોગ્યતા અને મહેનતથી કમાઉં એનો મને જે આનંદ થાય એના તોલે પેલો આનંદ તો ન જ આવે ને.'

'પતિની કમાણીને તારી ગણતાં શીખ. એની સફળતા એ તારી સફળતા છે. આપણી સંસ્કૃતિ અને સંસ્કારમાં સ્ત્રીને પુરુષની અર્ધાંગિની કહી છે. સ્ત્રીએ પુરુષમાં સમાઈ જવામાં ગૌરવ માનવાનું હોય.' સસરાએ શિખામણ આપી. એના સસરાનો પ્રભાવ જ એવો હતો કે, એના મોંમાંથી એક અક્ષરે ના નીકળ્યો. એની આંખોમાં આંસુ ઊભરાયાં.

*જર્જરિત યાદોનું પાનું ફાડવું સહેલું નથી,*
*આપણું હોવાપણું ઓગાળવું સહેલું નથી.*

એણે પતિ સામે જોયું. એના મનમાં હતું કે, શ્રીરાજ પપ્પાજીને કંઈ કહેશે પણ શ્રીરાજમાં પપ્પાની સામે દલીલ કરવાની હિંમત ન હતી. શ્રીરાજે નજર ફેરવી લીધી. કંગનાને થયું આટલું શિક્ષિત પ્રતિષ્ઠિત કુટુંબ આવું જૂનવાણી ? આવા સંકુચિત વિચારનું ? પુત્રવધૂનું મન જાણવાનોય પ્રયત્ન ના કરે ? સ્ત્રી-પુરુષની સમાનતાનો આ સમય છે, બદલાતા સમયની એમની પર કોઈ અસર કેમ નથી ? અરે એમને મારી પર હેત પણ નથી, જો મારા પર સ્નેહ હોય તો મારું મન રાખવાય જોબ કરવાની સ્વતંત્રતા આપત. હું મારી કેરિયર વિકસાવી શકું માટે અનુકૂળતા કરી આપત. કંગના સાવ હતાશ થઈ ગઈ. પોતે ભણતી હતી ત્યારથી જે સ્વપ્નું સેવ્યું હતું એને સાકાર કરવા એ કંઈ નહિ કરી શકે ? એણે એક સામાન્ય સ્ત્રીની જેમ આ ઘરમાં શોભાના પૂતળાની જેમ રહેવાનું અને ઘરના વડીલોની આજ્ઞા માથે ચડાવવાની. પોતાની અંગત ઈચ્છા, આકાંક્ષાનું કંઈ નહિ ? કંગનાનું મ્લાન મુખ એનાં સાસુ-સસરા અને વરે જોયું પણ કોઈનોય વિચાર બદલાયો નહિ.

શ્રીરાજ સર્જન ડૉક્ટર છે. એ બીજાનાં કહોવાઈ ગયેલાં રુગ્ણ અંગો કાપીને ફેંકી દે છે ને દરદીને રોગમુક્ત કરે છે પણ એના પોતાના ઘરમાંથી જૂનવાણી વિચારો ફેંકી દઈ શકતો નથી. માતા-પિતાને નવા વિચારો પ્રમાણે જીવવા પ્રેરી શકતો નથી. જે સ્ત્રીનો હાથ પકડીને એ પોતાના ઘરમાં લાવ્યો છે એને અન્યાય થાય એનો વિકાસ રુંધાય તોય એ ચૂપ બેસી રહે છે.

કંગનાને આવા વર અને ઘર પરથી મન ઊઠી ગયું. એને થયું હું મારા જીવનને રુંધાવા નહિ દઉં. હું મારી મુક્તિ ખોળી લઈશ. વ્યથા, ક્રોધ, લાચારીથી એનું હૈયું જાણે વલોવાઈ જવા લાગ્યું. પણ એ જ ક્ષણે એના હૃદયના અજાણ્યા કોઈક ખૂણામાંથી કોઈ એને શાંત પાડી રહ્યું હતું : ‘તું શાંત પડ, સમતાથી વિચાર કર.’ અને એણે અનેકવાર સાંભળેલી વાત યાદ આવી કે ઘરસંસારમાં ગમે ત્યારે સમસ્યા તો ઉદભવે જ છે. પોતાને નહિ ગમતી વાત સ્વીકારવાની ઘડી આવે છે ત્યારે વ્યક્તિએ બાંધછોડ કરીને ઘરસંસારને સાચવી લેવો જોઈએ. પોતાના જીવનમાં ઘર, દામ્પત્યજીવન પ્રથમ છે. એને થયું, અત્યારે મને શ્રીરાજ પર ગુસ્સો આવે છે પરંતુ તટસ્થ રહીને જોઉં તો શ્રીરાજ એનાં માબાપને નારાજ નથી કરી શકતો તેથી ચૂપ છે. એની એ નિર્બળતાને હું પ્રેમનો અભાવ માની લઉં એ ભૂલ નથી ?

એણે શ્રીરાજ સામું જોયું. એના ચહેરા પર કેટલી ઉદાસી છવાઈ ગઈ છે. એ કંગના પાસે જોવાની હિંમતેય નથી કરી શકતો. એનાં મમ્મી-પપ્પાની વાતમાં એણે સૂર નથી પૂરાવ્યો. એના હૈયે કેટલોય વલોપાત હશે ! શું કરવું એ એને નહિ સૂઝતું હોય. કંગનાને ક્યાંક વાંચેલું યાદ આવ્યું. માનવીના જીવનમાં કેટલીક વખત ખૂબ અંધકાર આવી જાય, ક્યાંય રસ્તો ના સૂઝે, સૂર્યની ચમક કે ચંદ્રની જ્યોત્સનાય એના જીવનમાં શીતળતા કે પ્રકાશ નથી લાવી શકતી ત્યારે એના અંધકારમય જીવનમાં માત્ર નારીનો પ્રેમ જ દીવો પ્રગટાવી શકે છે. તમામ તકલીફોનો ઈલાજ નિર્ભેળ પ્રેમમાં જ છે. હું શ્રીરાજને ચાહું છું ને એનેય મારા માટે પ્રેમ છે એની મને ખાત્રી છે, તો પછી હું શું કામ આટલી બધી હતાશ થઈ જાઉં છું ? પપ્પાજી અત્યારે જોબ કરવાની ના પાડે છે તો નહિ કરવાની, એ મને ભણવાની તો ના નથી પાડતા ને ? હું બીજા કોર્સ કરીને મારા જ્ઞાનમાં, કાબેલિયતમાં વધારો કરીશ. મારું અંતિમ ધ્યેય તો મારો વિકાસ સાધવાનું છે, એ પંથે કોઈ રૂકાવટ નથી. માટે મારે તો ઈશ્વરનો આભાર માનવાનો. હું સમાધાન કરું એ મારી લાચારી નથી, મારી તાકાત છે. હું કોર્સ પણ એવા કરીશ કે મારા બીજા કર્તવ્યોમાં ક્યાંય ચૂક ના આવે. હું બધાની અપેક્ષાઓને સંતોષીશ. ઘરના બધાની ખુશીમાં જ મારી ખુશી છે. એમના હેતપ્રેમ જ મારી સંપદા છે.

કંગનાએ કોઈનીય સાથે ચર્ચા કર્યા વિના જાતે જ પોતાની સમસ્યા ઉકેલી નાખી. ફરી એકવાર એનો ચહેરો પ્રસન્નતાથી ઝળકી ઊઠ્યો. શ્રીરાજે પત્નીનો હાસ્યમંડિત ચહેરો જોયો ને એના હૈયે હાશ અનુભવી.

* * *

*અંશ પોતાનો વિખૂટો થાય છે ને જે ઘડી,*
*દાબમાં રાખેલ ડૂસકું ખાળવું સહેલું નથી.*
*- હિતેન આનંદપરા*

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **પ્રતાપ મુલજી પીર (લોડાયા)**<br>(PS 412) | ૮, અંબે કૃપા બિલ્ડીંગ, ૧લે માળે, મદન મોહન માલવીયા રોડ,<br>મુલુંડ (વે.), મુંબઈ-૪૦૦ ૦૮૦. ફોનઃ ૦૨૨-૨૫૬૮૮૦૬૫, મો.: ૯૮૬૯૫૬૭૪૪૦ |
| **હંસકુમાર ધનજી ગોસર**<br>(PS 1393) | ૧૦૦૫, લોક એવરેસ્ટ બિલ્ડીંગ, સી-૪, સિટી ઑફ જૉયની સામે,<br>જે.એસ.ડી. રોડ, મુલુંડ (વે.), મુંબઈ-૪૦૦ ૦૮૦. |
| **હરીશ ખીમજી મોમાયા**<br>(PS 3535) | ૧૧, જ્ઞાનયોગ બિલ્ડીંગ, ૩જે માળે, સમ્રાટ હોટલ પાસે,<br>પં. દીનદયાલ ક્રોસ રોડ, ડોમ્બીવલી (વે.)-૪૨૧ ૨૦૨. ફોનઃ ૦૨૫૧-૨૪૮૬૨૨૫ |
| **અમિત શામજી ખોના**<br>(PS 3575) | ૩, અન્નપૂર્ણા પૂજા બિલ્ડીંગ, જયહિંદ કોલોની, ઘનશ્યામ ગુપ્તે ક્રોસ રોડ,<br>ડોમ્બીવલી (વે.) - ૪૨૧ ૨૦૨. ફોનઃ ૦૨૫૧-૨૪૮૯૮૬૫ |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫-૧૦-૧૫ | વાશી | હેમેન, જગદીશ ડુંગરશી દંડ | બાયઠ | પુત્રી |
| ૦૬-૦૧-૧૭ | બેંગ્લોર | આદ્યા, આશા સુશીલ કીર્તીકુમાર મોમાયા | વરાડીયા | પુત્રી |

### જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧-૦૧-૧૭ | ડોમ્બીવલી | દીપ રાજેન્દ્ર ખીમજી લોડાયા | મોટી ખાવડી | ૨૭ |
| | ડોમ્બીવલી | અક્ષિતા મહેન્દ્ર મણશી દંડ | સાંધવ | ૨૩ |

### અંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૦૧-૧૭ | મુલુંડ | કુશલ મહેન્દ્ર મોતીલાલ લાપસીયા | રંગપુર | ૨૭ |
| (ભુલ સુધાર) | મુલુંડ | બ્રીન્દલ નીતીન દિનેશ કોઠારી | મંજલ રેલડીયા | ૨૭ |
| ૦૧-૦૨-૧૭ | ડોમ્બીવલી | જતીન ચંદ્રકાંત લાલજી છેડા | રતાડીયા | ૩૪ |
| | ડોમ્બીવલી | પ્રિયા સોમચંદ વસનજી નાગડા | રાપર | ૩૪ |
| ૦૧-૦૨-૧૭ | વાશી | મનન જગદીશ ડુંગરશી દંડ | બાયઠ | ૨૮ |
| | નેરૂલ | યશશ્રી મધુસુદન કૃષ્ણાજી પરાંજપે | રાજાપુર | ૨૬ |
| ૦૧-૦૨-૧૭ | મુલુંડ | વિનશ દૈલેશ કુમારપાલ મોમાયા | વરાડીયા | ૨૪ |
| | મુલુંડ | રિચા રમેશ કનૈયાલાલ મોટવાની | મુંબઈ | ૨૪ |

### લગ્ન છૂટા

| | | | | |
|---|---|---|---|---|
| ૦૮-૧૧-૧૬ | સાયન | પુનીત કસ્તુરચંદ દામજી દંડ (શાહ) | વરાડીયા | ૩૧ |
| | ઘાટકોપર | બરખા અશોક રાઘવજી નાગડા (શાહ) | સાંધણ | ૩૦ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨-૦૧-૧૭ | જખૌ | શ્રીમતી કસ્તુરીબેન (વેલબાઈ) ત્રિકમજી મૈશેરી | બાંઢીયા | ૭૦ |
| ૨૪-૦૧-૧૭ | ગોરેગામ | લક્ષ્મીચંદ ગાંગજી મેઘજી નાગડા | મોટી ખાવડી | ૮૭ |
| ૩૧-૦૧-૧૭ | ડોમ્બીવલી | શ્રીમતી સરોજ કુમાર લોડાયા | વાંકુ | ૫૨ |
| ૦૧-૦૨-૧૭ | કાંજુરમાર્ગ | માનબાઈ આણંદજી મુલજી નાગડા | જખૌ | ૮૦ |
| ૦૪-૦૨-૧૭ | ડોમ્બીવલી | કંચન હંસરાજ પીર | સુથરી | ૬૮ |
| ૦૪-૦૨-૧૭ | સેંધવા | પુષ્પા કાંતીલાલ લાપસીયા | સાંયરા | ૬૧ |


**જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત**

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

## જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - હૈદરાબાદ

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - હૈદરાબાદના નવનિર્વાચિત કારોબારી સમિતિના સભ્યોની એક સભામાં આ પદાધિકારીઓનો નિયુક્તિ કરવામાં આવેલ.


પ્રમુખ - શ્રી ધનપતભાઈ લાલજી મોતા - વારાપધર, ઉપપ્રમુખ - શ્રી હેમાંગભાઈ મણીકાંત મોમાયા - વરાડીયા, માનદમંત્રી - શ્રી હિરેનભાઈ મુલજી મોમાયા (રાજુભાઈ) - સાંયરા, ઉપમાનદમંત્રી - શ્રી ધીરજલાલ જેતશી ધુલ્લા - દલતુંગી, ખજાનચી - શ્રી લહેરચંદ ટોકરશી લોડાયા - રાપરગઢવારી, સહખજાનચી- શ્રીમતી કાંતાબેન પ્રફુલ દંડ - ભરૂડીયા. સભ્યપદો - શ્રી મોનીકભાઈ વિનોદ ધરમશી - સુથરી, શ્રી વિરેન્દ્રભાઈ શીવજી મોતા - વારાપધર, શ્રી ગુલાબભાઈ પદમશી મોતા - કુંવાપધર, શ્રી કીર્તીકુમાર નરશી મોમાયા - વારાપધર, શ્રી કાંતીલાલ દામજી મોતા - તેરા.

### શ્રી ક.દ.ઓ. મહિલા મંચ ખામગામ - શેગાંવ

શ્રી ક.દ.ઓ. મહિલા મંચ ખામગાવ - શેગાંવ દ્વારા ડિસેમ્બર મહિનાની મીટીંગ અધ્યક્ષ સૌ. કુંજનબેન લોડાયાના નેજા હેઠળ લેવામાં આવી જેમાં શિયાળામાં તંદુરસ્તીની સંભાળ કેમ લેવી તેની માટે સૌ પદમાબેન શાહ દ્વારા મેથીના લાડુ અને અસીરીયાના લાડુ બનાવવાનું શીખવાડવામાં આવ્યું. સૌ. પદમાબેન તંદુરસ્તી વિશેની માર્ગદર્શન કર્યું. સૌ. રશ્મીબેન દંડ દ્વારા લીંબુનો પાવડરની સુકવણી કરવાનું ડેમોન્સ્ટ્રેશન આપવામાં આવ્યું.

શ્રીમતી પ્રવીણા દંડ દ્વારા ગેમ રમાડવામાં આવી જેમાં પ્રથમ ઈનામ સૌ. લીનાલી લોડાયા અને બીજો નંબર સૌ. સોનલબેન શાહ - શેગાંવ ને મળ્યો. ઈનામના સ્પોન્સર સૌ. કુંજનબેન લોડાયા હતા. છેલ્લે કાર્યક્રમનો આભાર પ્રદર્શન સૌ. હર્ષાબેન મનોજ નાગડાએ કરેલ.

### જે.બી.એમ. કપ



જે.બી.એમ. કપ દ્વારા તા. ૨૯-૧-૨૦૧૭ના કાંજુરમાર્ગમાં યોજાયેલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં મુંબઈની વિવિધ ટીમોએ ભાગ લીધેલ.

સ્પર્ધાના આયોજક AYF કાંજુરમાર્ગ અને આ સ્પર્ધાના સ્પોન્સર્સ શ્રીમતી જયશ્રી ભરત મોતા - હૈદરાબાદ ગામ કુવાપધર, મેસર્સ અલ્કા એજન્સીઝ હતા.

બેસ્ટ વિકેટ કીપર - ઉર્વેશ છેડા, બેસ્ટ બોલર - વિપુલ ખોના, બેસ્ટ ફીલ્ડર - ડેનીસ શાહ, બેસ્ટ બેટસમેન - રાહુલ મૈશેરી, બેસ્ટ હાફ સેન્ચુરી - ડૉ. પ્રતીક શાહ. રનર અપ ટીમ - ACY ઘાટકોપર, વિનર ટીમ - MYG મુલુંડ

### શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા સમુહલગ્ન આદીપુર કચ્છ મધ્યે ઉજવેળ તેમાં દરેક નવદંપતીઓ સાંધવ ગામે શાંતિનાથ દાદા અને વાછરા દાદાના દર્શને ગયેલ. લોનાવલામાં જે આશ્રમની છોકરીઓના જે સગપણ થયેલ. તેમાં હેમંત મોતાએ સારી જહેમત ઉઠાવેલ.

### સાંધવ ગામે વાછરા દાદાની પ્રતિષ્ઠા મહોત્સવ

સાંધવ ગામે વાછરા દાદાની પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૨૨-૪ થી તા. ૨૪-૪ સુધીમાં ૩૦૦ થી વધારે સંખ્યામાં ટીકીટો આવી ગયેલ છે. હજી પણ આવાની ઈચ્છા હોય તો જરૂરથી પધારી શકો છો.

### દેઠીયા તીર્થમાં હિતાર્થ ગુણાશ્રીજી મ.સા.ની વડી દીક્ષા ઉજવાઈ

સાંધવગામે હેતલબેનની દીક્ષા તા. ૨૭-૧૧ના થયેલ તેમની વડી દીક્ષા દેઠીયા તિર્થમાં પ.પૂ. ગણીવર્ય શ્રી મહોદયસાગરજી મ.સા., પ.પૂ. સાધ્વીશ્રી ભગવંતોની નિશ્રામાં વિશાળ સંખ્યામાં ઉજવાયેલ.

સવારના નવકારશી, બપોરના સાધર્મિક ભક્તિનો લાભ તેમજ વડી દીક્ષા કરાવવાનો લાભ સંઘવી શ્રી ભાગચંદ દામજી જૈન પરિવાર કોઠારા-મુલુંડએ લીધેલ. જીવદયા સાધુ વૈયાવચ્છના સારો એવો ફાળો થયેલ. દેઠિયા ટ્રસ્ટ અને ચેતન ખોના, ભરત લોડાયાએ વ્યવસ્થા સંભાળી હતી.

### શ્રી સેવક ભરૂડીયા તથા કોઠારા

શ્રી સેવક ભરૂડીયા તથા કોઠારાના શ્રી સખત માતાજીને નમતા શ્રી નરદે રણશી ધરમશી પરિવાર આયોજીત શ્રી સખત માતાજીની પાંચમી પહેડી તા. ૧૯-૨-૨૦૧૭ના હેરીટેજ હૉલ, સીટી મૉલ, પેંઢારકર કૉલેજની બાજુમાં, ડોંબિવલી (ઈસ્ટ) મુકામે રાખેલ છે. આ પ્રસંગે કુટુંબ પરિવાર તથા નિયાણી બહેન-દીકરીઓને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે. પાંચમી સંપૂર્ણ પહેડીનો લાભ માતુશ્રી બાંયાબાઈ ખીમજી પદમશી ધરમશી હસ્તે કિર્તી ખીમજી ધરમશીએ લીધેલ છે. સંપર્ક - 09819667560.

**જલગામ કે.ડી.ઓ. ''ખેલોત્સવ તૃતીય''**

જલગામ નગરીમાં શ્રી કે.ડી.ઓ. જ્ઞાતિ સમાજના સલગ ત્રીજા વર્ષે ખેલોત્સવ-૩નું આયોજન તા. ૮-૧-૨૦૧૭, રવિવાર રોજે જૈન સ્પોર્ટસ એકેડમી જલગામમાં સંપન્ન થયું. નાના-મોટા બધા માટે ક્રિકેટ તથા વિવિધ પ્રકારનાં ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું.

ક્રિકેટમાં ૪૮ ખેલાડુઓએ ભાગ લીધો હતો. એમની ચાર ટીમ ૧) મોમાયા રાઈડર્સ ૨) શહા ગ્લેડીએટર્સ ૩) નાગડા વોરીયર્સ ૪) સોની શંખેશ્વરા.

ફાઈનલમાં નાગડા વોરીયર્સ અને શહા ગ્લેડીઅર્સ આમને સામને હતા. અંતે નાગડા વોરીયર્સ ૧૬ રનથી જીતી ગયા. સ્ટાર ઓફ ટુર્નામેન્ટ દીપ નિતીન લોડાયા બેસ્ટ બેટ્સમન - ધ્રુવ મનીષ લોડાયા બેસ્ટ બોલર કરમ શ્રેયશ મૈશેરી અને ફાઈનલ મેચના ''મેન ઓફ થી મેચ'' પંકજ મોમાયા અને રીષી નિતીન લોડાયા રહ્યા.

બાળકો તથા મહિલાઓ માટે વિવિધ પ્રકારની રમતો જેમકે સંગીત ખૂર્શી, લીંબુ ચમચા, બૂક બેલેન્સીંગ, પોટેટો રેસ તથા મહિલાઓ માટે મહિલા ક્રિકેટનું આયોજન કરવામાં આવેલ. વર્ષીતપના તપસ્વીઓનું સન્માન કરવામાં આવ્યું.

મહાનુભાવોના હસ્તે ક્રિકેટ વિનીંગ ટીમ ''નાગડા વોરીયર્સ'' તથા રનરઅપ ''શહા ગ્લેડીઅર્સ'' તથા અન્ય સ્પોર્ટર્સમાં જીતેલ બાળકો તથા મહિલાઓનો ટ્રોફી તથા મેડલસનું વિતરણ કરવામાં આવેલ.

ખેલોત્સવ - ૩ ને સફલ થવા માટે પ્રોજેક્ટ ચેરમેન ચિ. સિધ્ધાંત પોલડીયા, કુબલ લોડાયા, દીપ લોડાયા અને કૃણાલ શહા એ તન-મન થી મહેનત કરી સાથે લેડીઝ કમિટીના સૌ. શિલ્પા છેડા, ચેતના મોમાયા, રૂચી લોડાયા અને મિત્તલ નાગડા તેમજ અધ્યક્ષ શ્રી કલ્પેશ છેડા, ઉપાધ્યક્ષ શ્રી પંકજ મોમાયા, સેક્રેટરી શ્રી કેતન નાગડા તથા કે.ડી.ઓ. કારોબારીઓએ જહેમત લીધી હતી.

**શ્રી લાલા ગામવાસીઓ અને નિયાણીનું સ્નેહમિલન**

શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસરજી અને મહાજન ટ્રસ્ટ દ્વારા શ્રી લાલા ગામવાસીઓનું સ્નેહમિલન તથા સામાન્ય સભા રવિવાર તા.૧૫-૧-૨૦૧૭ના યોજાયા હતા.

પૂ.સા.શ્રી ભાવગુણાશ્રીજી દ્વારા માંગલિક તથા આશિષ વચન કુ. ક્રિશા ચેતન દંડ એ નવકાર મંત્ર પર ભારતનાટ્યમ રજુ કરેલ. પ્રમુખ શ્રી લહેરચંદ મૈશેરીએ આવકાર આપ્યો. સેક્રેટરી શ્રી દિલીપ દંડ દ્વારા સામાન્ય સભાનું સંચાલન, મુકેશ મૈશેરી દ્વારા આગામી કાર્યક્રમો તથા જિણોધ્ધારમાં માહિતી.

મુખ્ય આકર્ષણ લેડ સ્ક્રીનમાં શ્રી ચંદ્રપ્રભુસ્વામીનું નયનરમ્ય જિનાલય તથા ગામની સાધી ઝલક અને ૧૦૦ વર્ષની ઉજવણીની ફિલ્મ દેખાડવામાં આવી. ફિલ્મ માટે કિરીટ દંડ તથા રાજ મૈશેરીએ જહેમત લીધેલ. આ કાર્યક્રમના દાતા પરિવારોનું બહુમાન કરવામાં આવ્યું. લગભગ ૪૨૫ જણાની હાજરી હતી. સંચાલન શ્રીમતી ચાંદની પરેશ લાલકાએ કરેલ.

**લાલા ગામે ૧૧૦મો ધ્વજા મહોત્સવ ઉજવાયો**

વસંત પંચમીના શુભદિને લાલા ચંદ્રપ્રભુસ્વામીની ૧૧૦મી ધ્વજા મહોત્સવ ખૂબજ ઉલ્લાસપૂર્વક ઉજવાયો આશરે ૮૦ જણાની હાજરી હતી. ધ્વજા તથા સાધર્મિક ભક્તિનો લાભ સુર્યકાંત હીરજી દંડ પરિવારે લીધેલ તથા સત્તરભેદી પૂજા તથા સંગીત મંડળીનો લાભ માતુશ્રી મણીબેન કલ્યાણજી લોડાયા પરિવારે લીધેલ.

---

**: ભૂલ સુધાર :**

પ્રકાશ સમીક્ષામાં પ્રસિધ્ધ થયેલ અંક નં. ૫માં (પાના નં ૦૭) પર અનુક્રમાંક ૨૭. **શ્રી માણેક સ્થંભ રોપણ - માતુશ્રી કાશ્મિરાબેન અનિલ શિયાડ** (જખૌ - ઘાટકોપર) **માતુશ્રી કાશ્મિરાબેન તથા અ.સૌ. ભૂમિબેન અમિત શિયાડના વરસી તપ નિમિત્તે...**

**નલિયા - સચ્ચાઈ દેવીમાંની પહેડી**

નલિયા-લોડાયા ફળિયા સ્થિત **સચ્ચાઈ દેવીમાંની પહેડી બુધવાર, તા. ૨૯-૦૩-૨૦૧૭** ચૈત્ર સુદ બીજના નલિયા મુકામે યોજેલ છે.

**તો સર્વે ભાવિકોએ લાભ લેવા વિનંતી છે.**

**ગંધી બદલાવવામાં આવશે.**

**સંપર્ક :**

**ભૂઈમાં જ્યોત્સનાબેન લોડાયા - 08192231283**


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...

તન મન ટુર એન્ડ ટ્રાવેલ્સ

9323360708/25903514-5-6

tanmantravels@yahoo.co.in

www.tanmantour&travel.com


અમારા માસીયાયી ભાઈશ્રી, ભરતભાઈ ખોનાની પુત્રવધુ **અ.સૌ. નેહલ એ. શાહ** ને વૉર્ડ ક્ર. ૧૭૭ થી BJP ની ટીકીટ મળતાં અભિનંદન ! જ્ઞાતિની પાર્ટી અધિકૃત પ્રાયઃ એકમાત્ર ઉમેદવારને શુભેચ્છાઓ....

**- મીના મોતા**


શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની

★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ

SHIKHARJI Continental

MADHUBAN - JHARKHAND

# જલગાંમ KDO ખેલોત્સવ તૃતીય



શ્રીફળ વધારીને ખેલોત્સવની સુરૂવાત કરતા



KDO અધ્યક્ષ શ્રી કલ્પેશભાઈ છેડા
પ્રમુખ અતિથી શ્રી સુશિલભાઈ નુ સ્વાગત કરતા



વર્ષીતપના તપસ્વી



મહિલા ક્રિકેટ રમતા



ટીમ ઓનર શ્રી હિરાચંદભાઈ નુ સ્વાગત કરતા



જ્ઞાતિ જનોની હાજરી



રમતનુ આનંદ માનતા બાળકો



ટીમ ઓનર શ્રી હિરેનભાઈ નુ સ્વાગત કરતા



વિજયી જલ્લોસ કરતા ખેલાડીઓ



વિજયી ટીમ નાગડા વોરિયર્સ winner અને KDO ટ્રોફીસાથે



ટીમ ઓનર શ્રી કેતનભાઈ નુ સ્વાગત કરતા



રનરઅપ ટીમ શાહા ગ્લેડીએટર્સ ટ્રોફીસાથે



સોની શંખેશ્વરા ટીમ



ટીમ ઓનર શ્રી સંજયભાઈ નુ સ્વાગત કરતા



મોમાયા રાઈડર્સ ટીમ



મહિલા પ્રોજેકટ કમેટી



જલગાંમ KDO કારોબારી



પુરૂષ પ્રોજેકટ કમેટી

# લાલા ગામવાસી અને નિયાણીઓના સ્નેહમિલન ૨૦૧૭ની તસ્વીરી ઝલક



# શ્રી ચંદ્રપ્રભ જિનાલય લાલા – ધ્વજા મહોત્સવ ૨૦૧૭ની તસ્વીરી ઝલક



C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (06-02-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

## લોડાયા તથા મોતા પરિવારનું ગૌરવ



**ચિ. ચિંતન** ને C.A.ની પરીક્ષામાં
ઝળહળતી સફળતા મેળવી
ઉર્તીર્ણ થવા બદલ
વડીલોના આશીર્વાદ
અને ખૂબ ખૂબ અભિનંદન...

**ચિ. ચિંતન**
**ગિરીશ લોડાયા**
(તેરા - નાગપુર)
C.A.ની પરીક્ષા
ઉર્તીર્ણ કરેલ છે.

: શુભેચ્છક :

દાદાણા : **જેઠાલાલ મેઘજી લોડાયા** (તેરા - નાગપુર)
નાનાણા : **દામજી પાશવીર મોતા** (નલિયા - અંબરનાથ)
માતા-પિતા : **મીના ગિરીશ લોડાયા** (તેરા - નાગપુર)

## દાનજો ગૌરવ



ધન ! ધન ! હંસકુમાર શેઠ,
ને ધન્ય ! આંજો જોરધાર જીગર;
પિતા ભવાનજી શેઠ જે નાલે,
જભરો દાન કૈ
VLVG (બોર્ડિંગ) કે ક્યાં સધ્ધર!
પિતા ભવાનજી શેઠ ને
માતા જમકુમાજી કુખ્ખ દીપાયાં;
ઉચ્ચ સંસ્કારેં પાંજે કુળજો
ને પાંજે ગામજો નાં રોશન ક્યાં,
કૈ-કૈક દાન સવાયા...
– **રશ્મિન ખોના** (તેરા-ઘાટકોપર)

## વિનમ્ર ભાવે શ્રધ્ધાંજલિ



જન્મ :
તા. ૧૯-૯-૧૯૩૨

અરિહંત શરણ :
તા. ૨૪-૧-૨૦૧૭

### સ્વ. લક્ષ્મીચંદ ગાંગજી મેઘજી નાગડા

ગામ : મોટી ખાવડી – હાલ : ગોરેગામ (મુંબઈ)

વહેતી રહે નિરંતર સમયની આ ધારા, જીવન એવું જીવ્યા ભુલાય નહીં...
સદા હસતા ચહેરો રાખી, અનંત યાત્રાએ પ્રયાણ આદરતા...
રહેશે નિરંતર તમારી સ્મૃતિ જ્યોત અમ હૃદયમાં !

પરમ કૃપાળુ પરમાત્મા આપના પવિત્ર આત્માને, શાંતિ અર્પે એજ અમારી સર્વેની પ્રભુને પ્રાર્થના

આપના પરિવારજનો અને આપ્તજનો

ધર્મપત્ની : **ભાગ્યવંતી**
ભાઈ-ભાભી : **અ.સૌ. લક્ષ્મીબેન – ઉમરશી**
**અ.સૌ. સુશીલા – સોમચંદ, અ.સૌ. પુષ્પા – કિશોર**
બેન-બનેવી : **સૌ. ધનલક્ષ્મી વેરશી શીયાડ**
પુત્ર-પુત્રવધુ : **અ.સૌ. નીતા – કુલીન**
**અ.સૌ. મમતા – હિતેન્દ્ર**
સાળી-સાઢુભાઈ : **નિર્મલા ગીરીશ, વોરા**
પૌત્ર : **સમીર, વિરલ, વિસ્મય**

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,